
RNI No. 6489/57

# શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા

## માસિક પત્રિકા

Issue : 3, Year: 71, June 2025, Pages: 52, Price Rs. 7.00




આપણું ઝાલાવાડ.....સમૃદ્ધ ઝાલાવાડ

।।શ્રી પરમાત્માય નમઃ।।

## શેઠ નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી

# જીવદયા ફંડ

**શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરી**

સુભાષ ચોક, ગોપીપુરા, સુરત - ૧

મો.: ૯૮૨૦૦ ૭૮૭૭૨

સ્થાપના વિ. સં. ૧૯૬૨

ઇ.સ. ૧૯૦૬ રજી નં. ૧૭૪૪

Trust 80G Available PAN : AAATS8024L



**પૈસા મોકલવાનું સ્થળ**

## પ્રફુલ અમીચંદ ઝવેરી

૨૬૩, ખટાઉવાડી, ગોરેગાંવકર લેન,
શોપ નં. ૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓપેરા હાઉસ,
સેન્ટ્રલ સિનેમાની પાછળ, ચર્નીરોડ (ઈસ્ટ)
મુંબઈ – ૪૦૦ ૦૦૪.
ફોન : ૨૩૮૦૭૮૪૭૬ મો. ૯૮૨૦૦૭૮૭૭૨

ધર્મપ્રેમી સદગૃહસ્થો,

જીવદયા ફંડ સંસ્થા સુરતના દાનવીર શેઠ શ્રી નગીનચંદ કપુરચંદ ઝવેરીના પ્રયાસથી સ્થાપિત એક રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. સંસ્થા છેલ્લા ૧૧૬ વર્ષોથી જીવો છોડાવવાનું કાર્ય સંભાળી રહી છે. એમના પ્રખર પૂણ્યબળે આ ઉત્તમ કાર્યમાં વર્ષ પ્રતિ વર્ષ પ્રગતિ થઈ રહી છે. **જેમકે છેલ્લા ૧૧ વર્ષો માં (એપ્રિલ - ૨૦૧૪ થી જાન્યુઆરી -૨૦૨૫) સુધીમાં ૨૮૫૨૧ - જીવો છોડાવેલ છે.** તથા ઘાસ - ૯૦૮૬૦ કિલો, ગોળ - ૧૧૨૨૯ કિલો, કેરીનો રસ - ૬૦૦૦ કિલો, લાપ્સી - ૭૦૦૦ કિલો

અમારે આંગણે આવતા મુંગા જીવોને કત્તલખાને જતા અટકાવીને પાંજરાપોળમાં ટ્રસ્ટીઓ ની દેખરેખ હેઠળ સોપવામાં આવે છે તથા પશુના જીવન પર્યંત પૂરે પૂરી સંભાળ લેવામાં આવે છે.

અનંદ દયાના સાગર ભગવાન શ્રી મહાવીરના શાસનના બે સ્થંભો છે. અહિંસા અને જીવ માત્ર પર મૈત્રી, સર્વજ્ઞના આ સંદેશાને સાર્થક કરવા માટે પણ દિવસો ઓછા મહત્વના નથી.

આપના - પરિવારના કોઈ પણ સભ્યનો જન્મદિન
પશુ- પરિવારના એકાદ સભ્યોને જીવનદાન આપીને ઉદ્ધવો.
આપના પરિવારમાં આવી ઊભેલા લગ્નોત્સવને
એકાદ પશુયુગલનો જીવનોત્સવ બનાવો.
કર્મસંયોગી આવેલી માંદગીની અશાતા ટાળવા
કોઈ પશુને અભયદાન આપી મહાશાતા આપો.
સ્વજનના મૃત્યુના દુ:ખદ પ્રસંગે એકાદન પશુને
મૃત્યુનાં મુખમાંથી છોડાવી સાંત્વના પ્રાપ્ત કરો.
પવિત્ર પર્વના ધર્મોત્સવમાં એકાદ જીવને
જીવન બક્ષી પર્વો પાસનાને દયના રંગથી મઢી દો.

આપ કાયમી તિથિ પણ નોંધાવી શકો છો. એ તિથિએ દાનની રકમના વ્યાજમાંથી જીવો છોડાવવામાં આવશે.

**એપ્રિલ ૨૦૨૪ થી જાન્યુઆરી ૨૦૨૫ (૧૦ મહિના) માં ટોટલ ૩૦૨૨ જીવો છોડાવેલ છે.**
**મોટા જીવો, નાના જીવો તથા બકરી**

ચેક અથવા ડ્રાફ્ટ જીવદયા ફંડ ના નામનો બનાવશો. રોકડા પણ લેવામાં આવશે. (આપનો અણમોલ ફાળો સુરત ખાતે ઉપરના સરનામે અથવા મુંબઈ ખાતે ઉપરના સરનામે મોકલશો.

Bank Name : AXIS BANK LTD.
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 921010033621820
IFSC : UTIB0002274 Branch : Charni Rd, Mumbai

Bank Name : BANK OF INDIA
A/c. Name : JIVDAYA FUND A/c. No. : 000120100001219
IFSC : BKID0000001 Branch : (Mumbai Main Br.)

Note : When ever you deposit through (Cheque / RTGS / NEFT ... etc.) Kindly inform us your (Name/Address/Mobile Number donation amount) Confirmation for sending you our Receipt.

**દાન એજ સફળ જીવન**

**લી. ટ્રસ્ટીગણ**

પ્રફુલ અમીચંદ ઝવેરી
જતીનભાઈ ફકીરચંદ
પુષ્પસેનભાઈ પાનાચંદ ઝવેરી
શરદભાઈ ગુલાબચંદ કાંટાવાળા
વિરેન્દ્રભાઈ નેમચંદ ઝવેરી
ઉષાકાંત સાકેરચંદ ઝવેરી
નિરજ સુરેન્દ્રભાઈ ઝવેરી

Advt.

# ઝાલાવાડનું ગૌરવ

## સાહસિક યુવા બિઝનેસ પર્સન પર્સનાલીટી

## શ્રી ભાવીનભાઈ મહેન્દ્રભાઈ તુરખીયા તથા શ્રી દિવ્યાંકભાઈ મહેન્દ્રભાઈ તુરખીયા

એક વેલ એજ્યુકેટેડ પરિવાર શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ દિપચંદ તુરખીયાનાં સુશિક્ષીત વારસામાં એજ્યુકેશન સાથે બિઝનેશની કુનેહ અને કાબેલિયત ભરી સમજ અને ટેલેન્ટે એક બીજમાંથી સફળતાથી ખિલેલું અને સમૃધ્ધિથી સુવાષિત વટવૃક્ષ ઉભું કરનાર બે પુત્રો શ્રી ભાવીનભાઈ તુરખીયા અને શ્રી દિવ્યાંકભાઈ તુરખીયા આ બન્ને ખમીરવંતા યુવા ઝાલાવાડી આપણા ઝાલાવાડનાં ગૌરવ સમાન બિઝનેશ પ્રતિભાઓ છે. આ બન્ને પ્રતિભાશાળી યુવાનોએ વિશ્વનાં બિઝનેશ ક્ષેત્રમાં પોતાનું, પોતાના પરિવારનું તેમજ ઝાલાવાડ સમાજનું નામ કિર્તિમાન કરેલ છે.



શ્રી ભાવીનભાઈ તુરખીયા

ઝાલાવાડી યુવાનો સાથે સમગ્ર યુવાવર્ગને પ્રોત્સાહિત કરનારા સાચા અર્થમાં પ્રેરણાસ્ત્રોત રહયાં છે. નાની એઈજમાં પણ સાચી લગનથી કરેલી મહેનત સાથેનાં સંઘર્ષથી સફળતાનું કેવું સારૂં સફળ પરિણામ મળી શકે છે તે આ બન્ને ભાઈઓનાં જીવનમાંથી ચરીતાર્થ થાય છે. અનેક યુવાનોનાં જીવનમાં આ વિરલ હિરલાઓ સમા બન્ને ભાઈઓ જીવન પ્રગતિનો સાચો રાહ ચિંધનારા માર્ગદર્શક બન્યા છે. શ્રી ભાવીનભાઈ અને શ્રી દિવ્યાંકભાઈ પાસે કોઈ એન્જિનીયરિંગની ડિગ્રી નહિ હોવા છતાં પણ તેઓ સારા કોડર છે. આ બન્ને ભાઈઓએ કોઈની સહાયતા વગર પોતાના દમ પર આટલું મોટું બિઝનેસ સામ્રાજય ઉભું કરેલ છે. આ તુરખીયા બંધુઓને ફર્સ્ટ ઈન્ટરનેટનાં આન્ત્રપ્રિન્યોર માનવામાં આવે છે.



શ્રી દિવ્યાંકભાઈ તુરખીયા

એજ્યુકેટેડ પર્સન સી.એ. શ્રી મહેન્દ્રભાઈ દિપચંદ તુરખીયા અને એડવોકેટ શ્રીમતી પ્રિયાબેન મહેન્દ્રભાઈ તુરખીયાનાં આ બન્ને સંતાનો ભાવીનભાઈ અને દિવ્યાંકભાઈની નાની યુવા વયમાં હાસીલ કરેલી બિઝનેશ સફળતા ગૌરવવંતી છે.

શ્રી ભાવીનભાઈ તુરખીયાનો જન્મ ૨૧ ડિસેમ્બર ૧૯૭૯નાં મુંબઈમાં થયો હતો. તથા શ્રી દિવ્યાંકભાઈ તુરખીયાનો જન્મ ૨૯ જાન્યુઆરી ૧૯૮૨માં ભાવનગરમાં થયો હતો. એક મીડલ કલાસ જૈન પરિવારમાં જન્મેલા બન્ને ભાઈઓમાં બાળપણથી જ કાંઈક અલગ જ પ્રતિભા રહેલી હતી. મૂળ ગુજરાતી જૈન પરિવાર પરંતુ બન્ને ભાઈઓનું શરૂઆતથી જ જીવન અને ઉછેર મુંબઈમાં થયેલ હોવાથી એક મુંબઈકર

ગુજરાતી રહયાં છે. અંધેરી - જુહુ વિસ્તારમાં રહેતા બન્ને ભાઈઓનું બાળપણ પણ ત્યાં જ વિત્યું અને ત્યાંજ મોટા થયા. બન્ને ભાઈઓએ માત્ર ૭ - ૮ વર્ષની વયે જ કોમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખવાની શરૂઆત કરેલ હતી.




શ્રી ભાવીનભાઈએ આર્ય વિદ્યા મંદિર બાન્દ્રામાં પ્રાથમિક શાળાકીય અભ્યાસ કરેલ હતો. બાદમાં ડી. જી. રૂપારેલ કોલેજથી તેઓએ સાયન્સનો અભ્યાસ કરેલ જે પછીથી આગળ ઉપર છોડી દિધેલ. સિડનહામ કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ માંથી શ્રી ભાવીનભાઈએ કોમર્સની બેચલર ડિગ્રી પ્રાપ્ત કરેલ. ૨૦૧૭ સુધી તેઓ લંડનમાં રહેલા. શ્રી ભાવીનભાઈ ટેનિસ રમે છે. તેમને સ્નોબોર્ડિંગ, વેકબોર્ડિંગ અને સ્કુબા ડાઈવીંગ જેવી સાહસિક રમતો ગમે છે. ૨૦૧૬માં ફોર્બ્સમાં શ્રી ભાવીનભાઈ તુરખીયા અને શ્રી દિવ્યાંકભાઈ તુરખીયાનું ભારતનાં ૯૫માં સૌથી ધનિક વ્યક્તિ તરીકે સ્થાન આપવામાં આવેલ હતું.

૧૯૯૫માં ભારતમાં ઈન્ટરનેટનું આગમન થયેલ ત્યારે જ બન્ને ભાઈઓને કોમ્પ્યુટર - ઈન્ટરનેટની ખૂબ સારી જાણકારી ધરાવતા હતા. જે ઉંમરમાં બાળકો ભણવામાં અને રમવામાં મસ્ત હોય તે ૧૪ - ૧૬ વર્ષની ઉંમરમાં આ બન્ને ભાઈઓએ તો પોતાની કંપની ઉભી કરી દિધી હતી.આ બન્ને ભાઈઓ તેમના મોટાભાગનાં જાગવાના કલાકો કામ પર વિતાવે છે.

શ્રી દિવ્યાંકભાઈએ પ્રારભિંક શિક્ષણ આર્ય વિદ્યા મંદિર બાન્દ્રામાંથી લીધું હતું. નરશી મોનજી કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સમાંથી સ્નાતક થયા છે. શ્રી દિવ્યાંકભાઈને પહેલેથી જ કોમ્પ્યુટર પ્રત્યે એક ખાસ લગાવ હતો. પરંતુ એ સમયે તેમના પરિવાર માટે એક કોમ્પ્યુટર ખરીદવું એટલું આસાન ન હતું. ત્યારે આ બન્ને ભાઈઓ તેમના સુખી મિત્રોને ત્યાં જઈને કોમ્પ્યુટર શીખતા હતાં. ૯ વર્ષની ઉંમરે જ શ્રી દિવ્યાંકભાઈએ બેસિક્સમાં પ્રોગ્રામિંગ બનાવવાનું શરૂ કરેલ હતું. અને તેમની રૂચિ સતત તેમાં વધતી જતી હતી. બાળપણથી જ કોમ્પ્યુટર અને પ્રોગ્રામિંગનાં શોખીન દિવ્યાંકભાઈએ માત્ર ૧૩ વર્ષની ઉંમરે જ ભાવીનભાઈ સાથે મળીને સ્ટોક માર્કેટની કિંમતો ઉપર નજર રાખવા માટે એક સ્ટોક માર્કેટ સિમ્યુલેશન ગેમ બનાવી હતી. શ્રી દિવ્યાંકભાઈ તુરખીયા ભારતીય મૂળનાં કોમ્પ્યુટર પ્રોગ્રામર છે. તેઓ તેમની મોટાભાગની અન્ય કંપનીઓની જેમ સ્વ ભંડોળ ધરાવે છે.

શ્રી દિવ્યાંકભાઈનો એક શોખ પાઈલટ છે. તેઓને પોતાના ફ્રી ટાઈમ દરમ્યાન પ્લેન ઉડાવવાનું ખૂબ ગમે છે. ૨૦૧૨માં તેઓ હેલીકોપ્ટર ઉડાડવાનું શીખ્યા. માલિબુમાં તેમને એક પ્રશિક્ષક મળતા ટેનેસીમાં રોબિન્સન R44 હેલીકોપ્ટર મળતા પાંચ દિવસની નોન સ્ટોપ ઉડાનમાં ક્રોસ કન્ટ્રી ટ્રીપ કરેલ. જે હેલીકોપ્ટર માટે દુર્લભ છે. મુંબઈમાં તેમની પાસે વિમાન છે. અમેરીકામાં પણ એક વિમાન છે. તેઓ વિચારતા કે હું કાર ચલાવતા શીખ્યો કારણ કે મારી પાસે કાર હતી. જો મારી પાસે પ્લેન હશે તો હું ઉડતા શીખીશ. તેઓ કોપ્ટર ઉડાડવાનું શીખ્યા. અને ૨૩ સ્ટોપ કરીને ૫૦ કલાકમાં ન્યૂયોર્કથી લોસ એન્જલસ ઉડાન ભરેલ.

કોડિંગ ઉપર સારી પકડ જમાવ્યા બાદ આ બન્ને ભાઈઓએ પોતાનો બિઝનેસ શરૂ કરવાની યોજના બનાવી હતી. પરંતુ તેના માટે સૌથી મોટી અડચણ રોકાણને લઈને હતી. ૧૬ વર્ષની ઉંમરે શ્રી ભાવીનભાઈ અને શ્રી દિવ્યાંકભાઈએ તેમના પિતા શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા પાસેથી ૨૦ હજાર ઉધાર લઈને બિઝનેસની શરૂઆત કરેલ હતી. બાદમાં આ બિઝનેસને એટલી સફળતા મળેલ કે તેની કિંમત હજારો, કરોડોમાં અંકિત થયેલ. તેમના પિતા શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાએ એ સમયે રૂપિયા ૨૦ હજાર આપતી વખતે પુત્રોને એક સવાલ સુધ્ધા પૂછયો નહોતો. પરંતુ તેઓએ કહયું હતુ કે તમે જે પણ કરી રહયાં છો તે કાર્યમાં સફળ પણ થઈ શકો છો અને નિષ્ફળ પણ થઈ શકો છો ! કોઈ વાંધો નહિ, તમે કોશિશ કરતા રહો. કારણ કે જો નિષ્ફળ પણ રહયાં તો કંઈક શીખવા તો મળશે. ચીનની એક કંપનીએ તેમના આ બિઝનેસને ૬ હજાર કરોડ રૂપિયા (૯૦ કરોડ ડોલર)માં ખરીદી લિધેલ હતો. જે અત્યાર સુધીનો સૌથી મોટો એડ-ટેક સોદો હતો. કંપનીની સફળતામાં શ્રી દિવ્યાંકભાઈ તુરખીયા સાથે તેમના મોટા ભાઈ શ્રી ભાવીનભાઈ તુરખીયાની ભૂમિકા મહત્વની રહી હતી.



૧૮ વર્ષની ઉંમરે ૧૯૯૮માં આશરે ૨૫,૦૦૦ની મૂડી સાથે શ્રી ભાવીનભાઈ અને તેમના ભાઈ શ્રી દિવ્યાંકભાઈએ પિતાનાં ઘરેથી જ સાથે મળીને તેઓનું પહેલુ ટેક વેન્ચર વેબ-હોસ્ટિંગ બિઝનેસ તરીકે ડાયરેકટી કંપનીની સ્થાપના કરેલ હતી. આ કંપનીનું રેવન્યુ ચાર વર્ષની અંદર ૧૦ લાખ ડોલર થયેલ હતું. ત્યારબાદ આ જ કંપનીનાં બેનર હેઠળ બિગરોકનો જન્મ થયો હતો. ડાયરેકટીનો વેબ-હોસ્ટિંગ અને ડોમેન વ્યવસાય યુએસ, યુરોપ, ચીન, બ્રાઝીલ અને વિશ્વનાં અન્ય ભાગોમાં ફેલાયેલો છે. ૨૦૧૦માં બન્ને ભાઈઓએ એક સોફટવેર બનાવ્યું હતું. તેઓની ડાયરેકટી કંપનીનાં બેનર હેઠળ અત્યાર સુધીમાં કુલ ૧૧ સ્ટાર્ટઅપ શરૂ થઈ ચુકયા છે. તુરખીયા બ્રધર્સએ સતત બે દાયકાઓની મહેનત બાદ પોતાના દમ ઉપર ઉભી કરેલ પોતાની કંપનીની સફળતાએ ૨૦૧૬માં તેઓ ભારતનાં સૌથી યુવા સેલ્ફ મેડ અબજોપતિ બની ગયા હતા.

સફળતાનાં સરતાજ સમા આ બન્ને ભાઈઓએ પોતાની કંપનીને, ચીનની કંપની બિજિંગ મીટેનો કોમ્યુનિકેશનને વેચીને ઉપલબ્ધી મેળવી હતી. એક સમયે કંપનીની વાર્ષિક રેવેન્યુ ૨૫ કરોડ ડોલર સુધી પહોંચી ગયેલ હતી. આ બન્ને સાહસિક ભાઈઓએ શરૂ કરેલ તેમની ચાર વેબ કંપનીઓ બિગરોક, લોજિકબોક્સ, રિસેલર કલબ અને વેબ-હોસ્ટિંગને સફળ બનાવેલ. જે ૨૦૧૪માં તેઓએ વેબ-હોસ્ટિંગ ફર્મ એન્ડયુરન્સ ઈન્ટરનેશનલ ગ્રુપને ખૂબ ઉંચી કિંમતમાં વેચી હતી.

જુલાઈ ૨૦૧૯મા તેઓનાં બેંકિગ ટેક વેન્ચર ઝેટાને સોડેકસો તરફથી ખૂબ સારી રકમનું રોકાણ મળેલ હતું. Media.net Startup નાં તેઓ સ્થાપક - ફાઉન્ડર્સ છે. ૨૦૨૧માં ઝેટાએ સોફટબેંક વિઝન ફંડમાંથી મિલિયનનું રોકાણ મેળવ્યું હતું. ઓગષ્ટ ૨૦૨૧માં શ્રી ભાવીનભાઈ દ્વારા સ્થાપિત વ્યવસાયિક ઈમેઈલ સેવા, ટાઈટનને ઓટોમેટિક તરફથી સારૂ રોકાણ મળેલ હતું. જેનાથી ટાઈટનનું મૂલ્ય ઉંચું અંકાયું હતું. શ્રી

ભાવીનભાઈ ટાઈટન, ફલોક, રેડિક્સ અને ઝેટા કંપનીઓનું સંચાલન કરે છે.

ઉધોગસાહસિક દ્વારા ઈનોવેશન અને ટેકનોલોજીમાં વર્ષનાં સીરીયલ ઉધોગસાહસિક અને ઉધોગસાહસિક ધ ઈકોનોમિક ટાઈમ્સ દ્વારા એવોર્ડ, જીનીવામાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ૨૦૧૧મા તેઓને યંગ ગ્લોબલ લીડર, ભારતી ફાઉન્ડેશન અને આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા દ્વારા ભારતી આંત્રપ્રિન્યોર ઓફ ધ યર એવોર્ડ પ્રાપ્ત થયેલ. વેલ્થ અને હરુન ઈન્ડિયા ૪૦ અને અંડર સેલ્ફ-મેડ રિચ લિસ્ટ, હરુન રીચ લીસ્ટ દ્વારા ભારતનાં સૌથી ધનિક ટેક અબજોપતિઓમાં સૌથી યુવા ભારતીય અબજોપતિ, સૌથી યુવા સ્વ-નિર્મિત ગલ્ફ અબજોપતિ, ''વિનિંગ વોરીયર'' બ્લૂમબર્ગ ટેલિવિઝન, ૨૦ વર્ષની ઉંમરમાં ૨૦ નવા બિઝનેસ લીડર્સ, પુરસ્કારો રહયાં છે. તેઓ વ્યક્તિગત જીવન દુબઈ, લોસ એન્જલસ,લંડન અને સાન ફ્રાન્સિસ્કોમાં ઘરોમાં પોતાનો સમય વિભાજીત કરે છે.

કહેવાય છેને કે બિઝનેસ તો ગુજરાતીઓનાં લોહીમાં જ હોય છે. જે સમજણ તો આ તુરખીયા બ્રધર્સને ઘર આંગણે જાણે માતાપિતાનાં વારસામાં મળી હતી. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પિતા શ્રી મહેન્દ્રભાઈ દિપચંદ તુરખીયાનાં વ્યવસાયમાં પૈસાનો હિસાબ અને મેનેજમેન્ટનું ડીએનએ મળેલ હતું. સમાજ શ્રેષ્ઠી, ઉદાર દિલ દાનવીર, ઉમદા વ્યક્તિ એવા શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા સમાજ માટે શ્રેષ્ઠ સહયોગી રહયાં છે. તેઓ એક સફળ બિઝનેસમેન અને પ્રતિષ્ઠિત ઉધોગપતિ સાથે એક ઉમદા સોશ્યલ વર્કર તરીકેની તેઓની આગવી ઓળખ સમાન સમાજમાં એક જાણીતું વ્યક્તિત્વ રહયું છે. શ્રી મહેન્દ્રભાઈનાં ધર્મપત્ની શ્રીમતી પ્રિયાબેન એક એડવોકેટ તરીકે પોતાનો વ્યવસાય કરે છે. શ્રી મહેન્દ્રભાઈએ તકલીફો અને મુશ્કેલીઓ સામે ખુબ જ મહેનત સાથે જીવનમાં સંઘર્ષ કરતા રહીને, પોતાના આત્મબળે આગળ આવીને તેઓએ સફળતા હાસીલ કરેલ છે.

સરળ અને સહજ વ્યક્તિત્વ ધરાવતા શ્રી મહેન્દ્રભાઈએ ઉચ્ચ એજ્યુકેશન સાથે પોતાની કાબેલીયતથી સફળતા મેળવી સંપત્તિ - સમૃદ્ધિને વર્યા છે. સત્કાર્યોમાં સતત દાનની ગંગાને વહેતી રાખનારા મુંબઈનાં આ ઝાલાવાડી સ્થાનકવાસી જૈન દાનવીરની ઉમદા ઉદ્દાત ભાવનાઓ રહી છે.

ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાની મેડિકલેઈમ પોલીસી સ્કીમમાં શ્રી મહેન્દ્રભાઈ તુરખીયાએ થોડા સમય પહેલા રૂપિયા એક કરોડનું ડોનેશન આપેલું છે. ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભાની કન્યા કેળવણી ઉત્કર્ષ યોજનામાં પણ તેઓનું ઉમદા યોગદાન રહેલું છે. જરૂરીયાતમંદ પરિવારોની દિકરીઓને શૈક્ષણીક સહાય આપી તેમની શૈક્ષણીક કારર્કિદી ઘડવામાં શ્રી મહેન્દ્રભાઈ ઉત્કૃષ્ટ સહયોગ અને પ્રોત્સાહન આપતા હોય છે.

શ્રી મહેન્દ્રભાઈ તુરખીયા હંમેશા કહેતા હોય છે કે મે જે કર્યુ છે તે કંઈ જ નથી. આપણો સમાજ ઘણા બધા વર્ષોથી ઘણું બધું કામ કરી રહયો છે. તેની સામે મારૂં યોગદાન નજીવું છે. આપણા ઝાલાવાડી જૈનો માટે આપણા ઝાલાવાડ જૈન સમાજની સ્કુલ કે કોલેજ હોય તેવી ઈચ્છા વ્યક્ત કરતા તેઓ તેના માટે સૌને પ્રયત્નો કરવા જણાવતા હોય છે.

આ તુરખીયા પરિવાર ખૂબ જ સારૂં સ્વાસ્થ્ય પામે તેમજ તન, મન અને ધનથી સ્વસ્થ અને સમૃદ્ધ બની રહીને સમાજ ઉત્કર્ષ અને વિકાસનાં કાર્યોમાં ઉમદા સહયોગી બની રહે તેવી શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા મુંબઈ તેઓને હૃદયભાવે શુભકામનાઓ ભાવવા સાથે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે.

સંકલન : ઉપેન્દ્રભાઈ શાહ (૯૮૬૯૩૬૧૪૧૧)




શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ

સ્થાપના : ઈ. સ. ૧૯૦૩

**માસિક પત્રિકા**

જૂન ૨૦૨૫

વર્ષ : ૭૧ : : અંક : ૩

: તંત્રી :

શ્રી શરદભાઈ એમ. ગાંધી

માલિક :

શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા–મુંબઈ

: મુદ્રક અને પ્રકાશક :

શ્રી પ્રવીણભાઈ ગંભીરચંદ શાહ

: પ્રકાશન સ્થાન :

૩૦૧, બે વ્યુ (ઈસ્ટ), ત્રીજે માળે,
૪૭, ડૉ. એમ. બી. વેલકર સ્ટ્રીટ,
(કોલભાટ લેન) ચીરાબજાર,
મુંબઈ–૪૦૦ ૦૦૨.

મો.: ૭૨૦૮૪૭૨૮૮૪, ૭૨૦૮૪૮૧૭૯૧

Email : zalawadisabha@gmail.com

મુદ્રણસ્થાન : રાજેશ પ્રિન્ટરી,
૧૧૫, પ્રગતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
૩૧૬, એન. એમ. જોશી માર્ગ,
ડિલાઈલ રોડ, લોઅર પરેલ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦૦૧૩. ફોન :૯૮૬૭૫૪૦૫૨૪

: ફક્ત પત્રિકાનું લવાજમ :

ત્રણવર્ષના રૂપિયા ૧૦૦૦/–+18%GST

ત્રણ વર્ષના કુલ રૂપિયા ૧૧૮૦/–

છૂટક નકલ રૂા. ૭/–

**શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા ઑફિસના કામકાજનો સમય સવારના ૧૧–૦૦ થી સાંજના ૭–૦૦**



*શ્રી ઝાલાવાડી સ્થા. જૈન સભા, માસિક પત્રિકામાં પ્રગટ થતાં લેખો કે વિચાર લેખકના અંગત વિચાર છે, તથા જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે તેની સાથે સંસ્થાના હોદ્દેદારો / તંત્રી સહમત છે એમ માની લેવું નહી. તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.*




# અરે, અરે

એક ફૂલ ખીલે ખરે,
ગમ ખુશી ફર્યા કરે.

થવાનું છે તે થયા કરે,
નાહક શાને ફિકર કરે.

મારું મારું કરી ફર્યા કરે,
ભીતર કોણ જોયા કરે.

ભેદ ભરમ ના કોઈ કળે,
ક્યાંથી આવ્યો ક્યાં જનમ ધરે.

અહમ્ મૂળથી જો ઓગળે,
મારગ મંઝિલનો તો મળે.

કૃત્રિમ શ્વાસ અમથા ભરે,
નિરર્થક જીવન અરે, અરે!

– સુરેશ પરીખ 'સ્નેહી'

# કોની છાતી નહીં ફૂલે ?

**અવનીન્દ્રકુમાર વિદ્યાલંકર**

**આ**જથી વીસ-પચીસ વરસ પછી આ દેશના રંગમંચ પર જે લોકો આવશે, જે લોકો સંસદને માટે સંઘર્ષ કરશે, કળ-કારખાનાં ચલાવશે, રેલ-તાર-ટપાલ અને વિમાનોનું સંચાલન કરશે, દેશના રક્ષણની જવાબદારી લેશે, એ કેવા હશે ? શું એ આજના કરતાં જુદા હશે ? સ્વાભિમાની, આત્મવિશ્વાસી, ઈમાનદાર અને પોતાના પરિશ્રમના બળ વડે દુનિયાને જીતવાની મહત્ત્વાકાંક્ષા રાખવાવાળા હશે ?..... જવાબ મળે છે - હા હશે !

રસ્તાઓ પર અને ગલીઓમાં નાના નાના છોકરાઓ પોતાની શક્તિની ઉપરવટ બોજો ઉઠાવી, ખભે લટકાવીને ઘૂમતા ફરે છે અને સાદ પાડે છે : ''બૂટ પૉલિશ ! બૂટ પૉલિશ !'' આ એ છોકરાઓ છે કે જેમને કોઈ વરંડા કે ખૂણામાં પણ બેસવાની જગા નથી મળતી. ગરમી, ટાઢ કે વરસાદની પરવા ન કરતાં એ બાળકો પોતાના ગ્રાહક શોધે છે ને ઘેર ઘેર જઈ પાલીસ કરે છે. ફાટી-તૂટી કામળીનો કટકો લપેટીને એ સાદ પાડતા ફરે છે : ''બાબુજી, બૂટપાલીસ વાલા !''

હજી તો પરોઢનાં કિરણો પણ ફૂટ્યાં નથી હોતાં. બાબુજી રજાઈમાં પડ્યા હોય છે, બેફિકર સૂતેલા હોય છે કે પછી પથારીમાં જ 'બેડ-ટી'ની પ્રતીક્ષા કરી રહ્યા હોય છે. આ અવાજ સાંભળીને અનેકને ખીજ ચડે છે.... હત્તારીની, છોકરાએ અત્યારમાં ઊંઘ ખરાબ કરી નાખી ! કોણ જાણે ક્યાંથી આવીને મરે છે !... જરાક ચેતન આવતાં એ વિચારે છે : ઠીક થયું, મહેનત બચી, નહીંતર સવારના પહોરમાં ઊઠતાંવેંત જોડાને પાલીસ કરવું પડત... એક સમજદાર સજ્જને છોકરાને બોલાવી લીધો.

છોકરો ખટાખટ દાદરા ચઢતો દરવાજા પર આવીને ઊભો. પલંગ નીચેથી બૂટ કાઢવાનો ઈશારો કરતાં એ બાળકને પૂછ્યું : ''તુમ પાલીસ કર સકોગે ?'' પાંચ-છ વરસનો છોકરો નિઃશંક બોલ્યો : ''હાં સાહબ ! ઐસા ચમકા દૂંગા - યદિ પસંદ ન આયે તો આપ પૈસે ન દેના.'' હવે કો કોઈ બહાનું પણ કઢાય તેમ નહોતું ! સજ્જને કાળજું કઠણ કરીને જોડા પાલીસ કરવા માટે આપી દીધા. છોકરો બેસી ગયો અને પોતાનું કામ ધ્યાન દઈને કરવા માંડ્યો. જોડા ચમકવા લાગ્યા...

છોકરો રોજ આવવા લાગ્યો, પાલીસ કરવા લાગ્યો. સજ્જન હવે બારણું ઉઘાડું જ રાખતા. છોકરો સવારોસવાર આવતો, જોડાને પાલીસ કરતો, પલંગના ખૂણામાં રાખેલા મજૂરીના પૈસા લઈને, જેમ ચુપચાપ દબાતે પગલે આવતો તે જ રીતે, દબાતે પગલે ચુપચાપ ચાલ્યો જતો. છોકરો કર્તવ્યપરાયણ છે, મહેનતુ છે, સમયપાલન કરનારો છે, એ જોઈને સજ્જન બહુ પ્રસન્ન થયા. પરંતુ હજી એક કસોટી બાકી હતી : છોકરો ઈમાનદાર પણ છે કે નહિ, તે જોવાનું હતું.

આ કસોટીને માટે એક વાર સજ્જને પાલીસની ઠરાવેલી મજૂરીનાં કરતાં વધારે પૈસા રોજની જગાએ મૂકી રાખ્યા. રોજની જેમ તે દિવસે પણ છોકરો આવ્યો. જોડાને પાલીસ કર્યા, અને પોતાની મજૂરી જેટલા પૈસા લઈને ચુપચાપ ચાલ્યો ગયો. સજ્જન ઊઠ્યા ત્યારે એ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા કે એ બાળકે પોતાની રોજની બાંધેલી મજૂરીના કરતાં વધુ એક પૈસો પણ નહોતો લીધો. એ રાજી રાજી થઈ ગયા. દેશમાં ઈમાનદાર, મહેનતુ અને સમયપાલન કરનારાં બાળકો પેદા થઈ રહ્યાં છે, તેની એમને પાકી ખાતરી થઈ ગઈ.

હકીકતમાં તો, એ વાત આશ્ચર્યની હતી કે જ્યારે ''વનસ્પતિ'' પણ નકલી ''વનસ્પતિ'' મળે છે, કાળાં મરીની જગાએ પોપૈયાનાં બિયાં મળે છે, ચાની ભૂકીની જગાએ લાકડાનો રંગીલ છોલ અને ભૂકો મળે છે, ખાંડની જગાએ રાસાયણિક ખાતર અને હળદરની જગાએ પીળી માટી મળે છે, ત્યારે એક છોકરો - જેની પાસે ટાઢથી બચવા માટે ગરમ કપડું નથી, વરસાદનાં ઝાપટાં સામે રક્ષણ કરવા માટે છત્રી નથી, એવો છોકરો - પોતાની મજૂરી કરતાં એક પણ વધારાનો પૈસો લેવો તે પાપ માને છે.

સજ્જને દિવાળીને દિવસે એને બોણી આપવાનું વિચાર્યું. એ અંદર ગયા, પાકીટ લાવ્યા અને રૂપિયાની નવી નોટ કાઢીને એમણે છોકરાની તરફ લંબાવી. બાળકની આંખો ચમકી ઊઠી; તો બોલ્યો : ''બાબુજી, આજ યહ ક્યા ?''

''યહ તુમ્હારા ઈનામ હૈ.''

છોકરો તરત બોલી ઊઠ્યો : ''બાબુજી, યહ મૈં નહિ લે સકતા.'' પછી પોતાનાં નાજુક બાવડાં લંબાવતાં બોલ્યો : ''બાબુજી, મુઝે અપની મેહનત પર ભરોસા હૈ. જો ઈનસે પ્રાપ્ત નહીં હો સકતા, વહ કભી નહિ લે સકતા.'' એટલું કહીને બાળક ચાલ્યો ગયો....

એક દિવસ એ પોતાના નાના ભાઈને પણ સાથે લાવ્યો. પૂછ્યું : ''ક્યા ઈસકો અભી સે અપના કામ સિખા કર તૈયાર કર રહે હો ?''

છોકરાએ જવાબ દીધો : ''નહિ , બાબુજી, ઈસકો તો પઢાઉંગા ! યહ સ્કૂલ જાયા કરેગા.''

....... છ વરસ વીતી ગયાં. છોકરો અગિયાર વરસનો થઈ ગયો. હવે એ સાઈકલની મરામત કરતાં શીખે છે. જોડાને પાલીસ કરવાનું કામ પૂરું કરીને બરાબર પોણા નવ વાગ્યે એ સાઈકલવાળાની દુકાને પહોંચી જાય છે. મન પરોવીને કામ કરે છે, અને નવું જ્ઞાન મેળવવા માટે પૂરી મહેનત કરે છે. એ છોકરાના કામકાજથી દુકાનના બધા લોકોને રાજીપો છે.

આ છે – સ્વાધીન ભારતનો મહેનતુ, કર્તવ્યપરાયણ અને ઈમાનદાર બાળક. એને જોઈને કોની છાતી નહિ ફૂલે ? ❖❖❖

# અંધકારનો ભાર

ગિરિશ ગણાત્રા

રતનબહેન વર્ગમાં નાનકડા વિદ્યાર્થીઓને હાર્મોનિયમ પર એક ગીત શિખવાડી રહ્યાં હતાં. ગીતના પહેલા અંતરાને વારંવાર ઘૂંટી ઘૂંટીને બરાબર બેસાડ્યો ત્યાં પટાવાળો રતનબહેનના ક્લાસ આગળ આવીને બોલ્યો :

'બહેન, જરા ઑફિસમાં આવી જાઓ. સાહેબ હમણાં ને હમણાં બોલાવે છે.'

કોણ જાણે શુંય બાબત હશે એનો વિચાર કરતાં એ વર્ગમાંથી બહાર નીકળ્યા. ક્લાસ મૉનિટરને હવાલે કરી એ હેડમાસ્તરની કૅબિનમાં દાખલ થવા જતાં હતાં ત્યાં પટાવાળાએ કહ્યું :

'તમારો તાર છે. સાહેબે કહ્યું કે બહેનને અહીં બોલાવી તાર દેજે...' અને પછી તારવાળા સામે જોઈ બોલ્યો :

'આ જ રતનબહેન મેવાડા. લ્યો, હવે તાર દેવો હોય તો હાથોહાથ આપી દ્યો.'

રતનબહેને સહી કરી તાર લીધો. ચિંતાતુર હૈયે તાર ફોડ્યો ને વાંચ્યો :

'બા બહુ જ બીમાર છે. તાત્કાલિક આવી જાઓ.' એના ભાઈ મહેન્દ્રએ વેરાવળથી તાર કર્યો હતો.

રતનબહેનથી ડૂસકું નખાઈ ગયું.

કૅબિનમાંથી બહાર નીકળતાં હેડમાસ્તરે આ જોયું ને બોલ્યા :

'કંઈ માઠા સમાચાર છે ?'

કશુંય બોલ્યા વિના, સાડીથી ચશ્માં સાફ કરતાં કરતાં એણે તાર હેડમાસ્તરના હાથમાં મૂકી દીધો.

હેડમાસ્તરે તાર વાંચ્યો ને પછી પોતાની કાંડા ઘડિયાળમાં જોઈ કહ્યું :

'તમારે જવું જોઈએ. જો હમણાં નીકળી જશો તો તમને મેલ મળી જશે.' ને પછી રતનબહેન જેવાં કર્તવ્યનિષ્ઠ અને સાલસ સ્વભાવનાં શિક્ષિકાને સધિયારો આપતાં કહ્યું, 'તમે ખુશીથી જાઓ. તમારા વર્ગની ચિંતા ન કરશો. અત્યારે રિક્ષા કરી સ્ટેશને પહોંચી જશો તો મેલ મળી રહેશે.'

કશોય વિચાર કર્યા વિના એ પોતાની પર્સ લઈને બહાર નીકળી ગયાં. રિક્ષા કરીને સ્ટેશને આવ્યાં ને જોયું તો પ્લૅટફૉર્મ પર રહેલો મેલ ઊપડવાની તૈયારીમાં હતો. એ તુરત જ એક ડબ્બામાં ચડી ગયાં અને ખાલી સેટ પર બેસી ગયાં. સીટ પર બેઠાં બેઠાં એ બારી બહાર જોવા લાગ્યાં ને વિચારવા લાગ્યાં.



આખરે આ દુનિયામાં બા સિવાય એનું બીજું હતુંય કોણ ? ગોંડલની એક શાળામાં સંગીત શિક્ષિકા તરીકે કામ કરતાં રતનબહેન બાની બહુ જ સેવાચાકરી કરતાં. વર્ષોથી બા એની સાથે જ રહેતી. ક્યારેય એ એની બાથી છૂટાં પડ્યાં નહોતાં કે બા એનાથી છૂટી પડી નહોતી પણ વેરાવળમાં રહેતા કાકાના દીકરાને ત્યાં પ્રસંગ હોવાથી બા ત્યાં ગઈ હતી. પ્રસંગ ઊકલી ગયા પછી બાને તાવ આવતો હોવાથી બા ત્યાં રોકાઈ ગયા અને પોતે પાછાં ફર્યાં. હજુ ગઈ કાલે જ મળેલા ભાઈ મહેન્દ્રએ બે દિવસ પહેલાં લખેલા પોસ્ટકાર્ડમાં બાની તબિયતના સમાચાર લખેલા. જોકે, સમાચાર સારા તો નહોતા જ પણ ચિંતા ન કરવાનું જણાવેલું. અચાનક આજે તારે આવ્યો ત્યારે એના મોં પર ચિંતાનાં વાદળ ઘેરાઈ ગયાં.

ગાડી પુરઝડપથી દોડી રહી હતી. એથીય વિશેષ ઝડપે એના વિચારો ગતિ કરી રહ્યા હતા. એ ગતિમાં વિક્ષેપ નાખ્યો એક ભિખારણ બાળાએ.

'એ બહેન, પાઈ આપો... ભગવાન તમારું ભલું કરશે...'

એ છોકરીની સાથે રહેલો એનો ભાઈ, હાથમાં કાચના બે જાડા કકડાઓથી તાલ આપી, ઊંચા સાદે ગીત ગાઈ રહ્યો હતો અને એની બહેન મુસાફરો પાસેથી ભીખ માગી રહી હતી.

રતનબહેને પર્સ ખોલી. એમાંથી એક સિક્કો કાઢ્યો ને છોકરીના હાથમાં મૂક્યો. છોકરીએ 'ભગવાન તમારું ભલું કરે. તમારાં બાળબચ્ચાંને સુખી રાખે. તમારો ચૂડલો અખંડ રાખે' એવા શુભાશયના શબ્દો ઉચ્ચાર્ય. રતનબહેન મનમાં હસ્યાં. આ છોકરીને બિચારીને ક્યાં ખબર છે કે પોતે બાળવિધવા છે ને એની કૂખેથી હજુ બાળક અવતર્યું પણ નથી. હવે ચાળીસ વરસની ઉંમરે એ ક્યાં ઘરસંસાર માંડવાના હતા ? એ અને એની બા. બસ, આ જ એનો સંસાર હતો. પણ ખેર, એક સિક્કાના બદલામાં જે પુણ્ય પ્રાપ્ત થાય તેના નાનકડું પુણ્ય પણ એની બાને ક્ષેમકુશળ રાખે તોય ઘણું.

એટલી વારમાં તો આ ભાઈબહેનને તતડાવતો એક અવાજ આવ્યો : 'ચલો, આગે ચલો, અગલા સ્ટેશન પર ઉતર જાના.'

રતનબહેને એ અવાજ સામે જોયું ને એના પેટમાં તેલ રેડાયું. ગોંડલ સ્ટેશનથી એણે ગાડી પકડી ત્યારે ટિકિટ લઈને બેસવાનો વિચાર થયો, પણ જો ટિકિટ લેવા

જાય તો ગાડી ઊપડી જાય. એટલે કશું વધુ વિચાર્યા વિના એ ગાડીમાં બેસી ગયાં. પણ મનમાં ડર હતો કે રસ્તામાં જો ટિકિટ ચેકર ભટકાઈ જશે તો આવી બનશે.

બધાની ટિકિટ તપાસતો ટિકિટચેકર રતનબહેન પાસે આવ્યો અને ટિકિટ જોવા માગી.

રતનબહેન ગભરાયાં. એમણે ડરતાં ડરતાં કહ્યું :

'સાહેબ, ઉતાવળેથી ગાડી પકડવા ટિકિટ લીધી નથી.'

'તો દંડ ભરો, કયાં જવું છે ?'

'વેરાવળ.'

'ક્યાંથી ચડયાં ?'

'ગોંડલથી.'

'સાચું કહો છો ?'

'પૂછી જુઓ આ સૌને.' મુસાફરો તરફ આંગળી ચીંધી એણે કહ્યું.

ટિકિટચેકરે ગજવામાંથી ભાડાંનો કોઠો ને રસીદબુક કાઢી હિસાબ કરી રતનબહેનને દંડ સહિત ટિકિટનો આંકડો કહ્યો. રતનબહેને પર્સના ખૂણેખાંચરે રહેલી નોટો અને સિક્કાઓ કાઢ્યા ને તમામ રકમ ટિકિટચેકરના હાથમાં ધરી દીધી.

બધી રકમ ગણી ટિકિટચેકર બોલ્યો :

'હજુ દસ રૂપિયા ઓછા છે.'

'હવે સાહેબ, મારી પાસે કશું જ નથી. જે હતું તે આપી દીધું.'

'એ હું કંઈ ન જાણું.' રુક્ષ ટિકિટચેકર બોલ્યો. 'પૈસા ભરો નહિતર જેલમાં જાઓ.'

'પણ સાહેબ, હું ખરેખર મુશ્કેલીમાં છું. વર્ગમાં પિરિયડ લેતી હતી ત્યાં માની માંદગીનો તાર આવ્યો ને સીધી હું સ્ટેશને આવી ગઈ. જુઓ આ તાર સાહેબ.'

પણ ટિકિટચેકર એકનો બે ન થયો. વગર ટિકિટે મુસાફરી કરતા મુસાફરો જ્યારે પકડાય ત્યારે એનાં જાતજાતનાં બહાનાંઓ સાંભળીને ટેવાઈ ગયેલા આ રેલવે કર્મચારીએ રતનબહેનની એક પણ દલલી ન સાંભળી. એણે કહ્યું પણ ખરું:

'તમે સ્ત્રી છો એટલે વળી આટલી છૂટછાટ મૂકું છું, હું બીજા ડબ્બામાં ટિકિટો તપાસીને આવું છું. ત્યાં સુધીમાં કંઈક જોગવાઈ કરી રાખો. આવીને તમારી પાવતી બનાવું છું.'

ટિકિટચેકર ગયો.

રતનબહેનની ચિંતામાં એકનો વધારો થયો. આ ચાલુ ટ્રેને દસ રૂપિયા જેવડી રકમની જોગવાઈ ક્યાંથી કરવી ? ગામમાં હોત તો દસ રૂપિયા શું, હજાર રૂપિયાની જોગવાઈ થઈ જાત, પણ આ અજાણ્યા મુસાફરોની વચ્ચેથી કેવી રીતે પૈસા ઊભા કરવા ?

ટિકિટચેકરના ભયથી દૂર ઊભેલી પેલી ભિખારણ છોકરી ને એનો ભાઈ આ વાત સાંભળતાં હતાં તે રતનબહેન પાસે આવ્યાં ને બોલ્યા :

'બહેન, ગભરાઓ નહિ. ભગવાન માથે ભરૂસો રાખો. આ મારો ભાઈ જાતજાતના અવાજો કરી જાણે છે. એ ને હું ગાઈ-સંભળાવીને પૈસા એકઠા કરી દેશું. તમે જોજો ને.' આટલું બોલી મુસાફરોને ઉદ્દેશીને મોટે મોટેથી છોકરી બોલવા લાગી : 'એ ભાઈ, એ શેઠ, એ બહેન, મારો ભાઈ હવે તમને જાતજાતના અવાજો કાઢી હસાવશે. તમને પેટ પકડીને હસાવશે. તમે પાવલી, આઠ આની દેજો, આ બહેનની ટિકિટનો સવાલ છે...' ને પછી પોતાના ભાઈ સામે જોઈ બોલી 'ભીખલા, થઈ જા શરૂ.'

ભીખલાએ પોતાના ગળામાંથી જાતજાતના અવાજો કાઢવા શરૂ કરી દીધા. ભેંસના ભાંભરવાનો, ગધેડાના ભૂંકવાનો, કૂતરાંઓના ભસવાનો, ટ્રેનનો, ગાડીનાં પૈડાંનો, ચકલી, મોર, પોપટ ને કોયલની તાનનો એમ જાતજાતના અવાજો કાઢવા લાગ્યો. ને એમાંય જ્યારે એણે ટિકિટચેકરની નકલ કરી ત્યારે સૌ પેટ પકડીને હસ્યાં.

જોતજોતામાં પૈસા એકઠા થવા લાગ્યા.

ટિકિટચેકર પાછો ફર્યો ત્યારે છોકરીએ દસ રૂપિયા એના હાથમાં મૂકી કહ્યું, 'સાહેબ, હવે બહેનની ટિકિટ ફાડી નાખો. લ્યો આ દસ રૂપિયા.' ને પછી વધેલા પૈસા રતનબહેનના હાથમાં મૂકી કહ્યું, 'બહેન, આ રાખો. ટેશણેથી ઊતરી ઘોડાગાડી કરવા કામ લાગશે.'

ટિકિટચેકરે રસીદ ફાડી રતનબહેનને આપતાં ટોણો માર્યો : 'નિશાળનાં માસ્તરાણી છો એટલે તમારી જ કહેવત તમને સંભળાવું છું. સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ઘમઘમ. કેવા દસ રૂપિયા નીકળી પડ્યા !' ને પછી પેલી ભિખારણ છોકરી ને એના ભાઈને જોઈ તતડાવ્યા : 'ચાલો, હઠો, બારણા પાસે ઊભાં રહો. આગલું સ્ટેશન હવે આવવાની તૈયારીમાં છે. ત્યાં ઊરી પડજો ને ફરી આ ગાડીમાં ચડ્યાં છો ને તો...' કહી તેણે ગંદી ગાળો ચોપડાવી દીધી.

માની ઉત્તરક્રિયા કરી પાછાં ગોંડલ આવી ગયેલાં રતનબહેનને બા ગુમાવ્યાનું દુ:ખ તો હતું જ પણ એવું જ દુ:ખ પેલી ભિખારણ છોકરી અને છોકરાને પ્રયત્નો કરવા છતાંય શોધી ન શક્યાં એનું હતું. એને ઋણ ફેડવું હતું. એ દિવસે દાખવેલી માનવતાની એને કદર કરવી હતી. પણ એને એ છોકરાંઓ ન મળ્યાં તે ન જ મળ્યાં.

આજે પણ દુ:ખને એણે હૈયામાં સંઘરી રાખ્યું છે ને એને હળવું કરવા આ લેખકને કહ્યું તે આ.

❖❖❖

# અમારા પપ્પા

ડૉ આશુતોષ પુ. માવળંકર

પપ્પા વિશે જ્યારે લખવા બેઠો છું ત્યારે ભૂતકાળના ઘણા પ્રસંગો સ્મૃતિપટ પર તરી આવે છે. એક પ્રેમાળ અને શિસ્તના આગ્રહી પિતાનાં સંભારણાં તો વાગોળવાં ગમે જ ને ! પરંતુ તે સાથે જીવનના છેલ્લા દસકામાં પાર્કિનસન્સના ભયંકર અને અસાધ્ય રોગ સામે તેમણે જે લડત આપી તેનો એક પુત્ર તરીકે અને એક ડૉક્ટર તરીકે હું સાક્ષી છું !

ઘરમાં સહુથી નાનો હોવાથી સહુનો 'લાડકો' ખરો ! તેમાં પણ પપ્પાનો ખાસ વહાલો ! પહેલેથી જ અમારા ઘરમાં શિસ્તનું ચુસ્ત પાલન થતું. રાત્રે બધાંએ જોડે જ જમવા બેસવાનું અને રસોઈમાં બનાવેલી બધી જ વાનગીઓ ભાવે કે ન ભાવે તોપણ ખાવી એવો નિયમ હતો. થાળીમાં ખાવાનું છાંડવાની છૂટ કોઈને પણ ન હતી ! પપ્પા પોતે પણ આ નિયમનું કડક પાલન કરતા હતા. આજે જ્યારે ચારે બાજુ શિસ્તપાલનનો સંપૂર્ણ અભાવ વર્તાય છે, ત્યારે તેનું મહત્ત્વ સમજાય છે ! આટલું કડક શિસ્તપાલન હોવા છતાં ઘરમાં સંપૂર્ણ મુક્ત વાતાવરણ હતું. બધાં એકબીજાં સાથે છૂટથી વાત કરતાં હતાં. તે વખતે અમારા ઘરે દેશ-વિદેશથી ઘણા મહેમાનો આવતા. પપ્પાએ તે દરેક સાથે આત્મીયતાનો સંબંધ રાખ્યો હતો. અંગ્રેજી ભાષા પર પપ્પાનું પ્રભુત્વ જબરું હતું ! એક-એક વાક્ય અને શબ્દ વાપરવામાં તેઓ જરા પણ કચાશ રાખતા નહિ. તેમના ઘણાબધા કાગળો હું ટાઈપ કરતો હતો, તેના કારણે મારી અંગ્રેજી ભાષા પણ સુધરી.

તેમની પારદર્શકતાનો એક પ્રસંગ યાદ આવે છે :

સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં એફ.વાયબી.એસસી. ની પરીક્ષા માટે હું તૈયારી કરી રહ્યો હતો. મેડિકલ કૉલેજમાં



પ્રવેશ મેળવવા માટે સારા ગુણો જરૂરી હતા. તે વખતે પપ્પા લોકસભાના સભ્ય હતા. તેમની ભલામણથી ગુજરાતની અમુક મેડિકલ કૉલેજમાં પ્રવેશ આસાનીથી મળી શકે તેમ હતો. એક દિવસ તેમણે મને બોલાવીને કહ્યું, 'મહેનત કરીને સારા માર્ક્સ લાવવાની તારી જવાબદારી છે. તારા મેડિકલ પ્રવેશ માટે હું કોઈને પણ ભલામણ નહીં કરું !' પ્રભુકૃપાથી મારે સારા માર્ક્સ આવ્યા અને મને મેડિકલ કૉલેજમાં સરળતાથી પ્રવેશ મળી ગયો. અમદાવાદની વી. એસ. હૉસ્પિટલમાંથી ઑર્થોપીડિક સર્જન થયા બાદ જ્યારે હું વધુ અભ્યાસાર્થે અને અનુભવ મેળવવા ઈંગ્લૅન્ડ ગયો ત્યારે મને પપ્પા તરફથી ઘણું જ માર્ગદર્શન મળ્યું. પપ્પા પોતે લંડનમાં આવેલી 'લંડન સ્કૂલ ઑફ ઈકૉનોમિક્સ'માં ભણ્યા હતા, તેથી તેઓ લંડનથી ઘણા જ પરિચિત હતા. તે ઉપરાંત તેમને ઈંગ્લેન્ડ પ્રત્યે વિશેષ લગાવ હતો. તેમણે આપેલા માર્ગદર્શનને કારણે મને ઘણી રાહત મળી. હું ઈંગ્લૅન્ડ જવાનો હતો, તેનો તેમને ખૂબ જ આનંદ હતો. તેઓ 'British' Culture અને 'British Democracy' થી ઘણા જ પ્રભાવિત હતા ! પરંતુ કમનસીબે તે જ સમય દરમિયાન તેમને જમણા પગના અંગૂઠાથી 'કંપવા' (Parkison's Disease) ની શરૂઆત થઈ. ધીમે-ધીમે આ રોગની અસર વધતી ગઈ અને તેમને નિયમિત દવાઓ લેવાની જરૂર ઊભી થઈ. તે છતાં પણ તેમની રોજબરોજની ક્રિયાઓ, લેખન-વાચન, ભાષણો અને બીજી ઈતર પ્રવૃત્તિઓમાં તેની કોઈ અસર થઈ નહિ.

૧૯૯૩ના જૂનમાં અમે ઈંગ્લેન્ડથી પાછાં આવ્યાં. એક રીતે જુઓ તો જાણે પપ્પાની સેવા કરવાનું સદ્ભાગ્ય જ અમને અહીં પાછાં લાવ્યું હોય તેમ લાગે છે ! ૧૯૯૪ પછી પાર્કિન્સન્સ રોગ ઘણો જ આગળ વધી ગયો હતો. બોલવામાં તકલીફ વધવા લાગી હતી, તેમ છતાં તેઓ 'હૅરલ્ડ લૅસ્કી ઈન્સ્ટિટ્યૂટ'માં ભાષણો નિયમિત આપતા હતા. જોકે કૉલમ લખવાં તકલીફ થતી હોવાથી તેઓ તે લખાવતા હતા. આ ક્રમ ૧૯૯૭ના નવેમ્બર સુધી ચાલ્યો. પછી તો એવી પરિસ્થિતિ આવી કે બોલવાનું પણ ખૂબ જ અસ્પષ્ટ થતું ગયું અને છેવટે ૨૭ નવેમ્બર, ૧૯૯૭ના દિવસે લૅસ્કી ઈન્સ્ટિટ્યૂટ વિધિવત્ રીતે બંધ કરી. છેલ્લાં ત્રણ વર્ષ અને એમાંય ખાસ કરીને છેલ્લું વર્ષ ખૂબ જ તકલીફમાં ગયું. ચાલવાની તો તકલીફ હતી જ પણ હવે તો બોલવાની અને Communication ની પણ ખૂબ જ મુશ્કેલી હતી. હું પોતે ડૉક્ટર હોવા છતાંય પપ્પાની આ તકલીફ આગળ અસહાય હતો. Medical Science ની આટલી પ્રગતિ થઈ હોવા છતાં પણ અમુક રોગો આગળ આ વિજ્ઞાન કેટલું પાંગળું અને બિનઅસરકારક છે તેની પ્રતીતિ મને દરરોજ થતી હતી. જે વ્યક્તિએ પોતાનું

આખું જીવન ખૂબ જ કાર્યરત રહી વિતાવ્યું તેની આવી અસહાય સ્થિતિ જોઈને હું રોજેરોજ ખૂબ દુઃખી થતો હતો. પરંતુ આ પરિસ્થિતિનો તેમણે ખબ જ હિંમતથી સામનો કર્યો, જેમાં તેમની ભગવાન પરની અતૂટ શ્રદ્ધાએ ખૂબ મદદ કરી હતી. 'Never give in and never give up' તે તેમનો જીવનમંત્ર હતો. તેઓ હંમેશાં કહેતા કે 'Count your blessings'

આ વર્ષની શરૂઆતથી જ તેમની તબિયત કથળવી લાગી હતી. ખાવાનું ખૂબ જ મુશ્કેલીથી ગળામાંથી નીચે ઊતરતું હતું. તેના કારણે તેમને નબળાઈ પણ ખૂબ વર્તાતી હતી. હું પોતે ડૉક્ટર હોવાથી બધી સારવાર ઘરે જ થઈ શકી. તેમાં પણ મારા મિત્રો ડૉ. જયેશ પરીખ (ફિઝિશિયન), ડૉ. પ્રણવ ખારોડ (ન્યુરો ફિઝિશિયન), ડૉ આશિષ પરીખ (યુરોલૉજિસ્ટ) વગેરેની ઘણી મદદ મળી. ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં તેમને ન્યુમોનિયા થયો હતો, પરંતુ સારવાર બાદ તેમને સારું થયું હતું. ૨૦ મી ફેબ્રુઆરીએ સખત તાવ અને ન્યુમોનિયાની સારવાર માટે તેમને કર્ણાવતી હૉસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. બે-ત્રણ દિવસ બાદ તેઆએ ઘરે પાછા આવી ગયા હતા. છેલ્લાં ત્રણ અઠવાડિયામાં ઘરે સારવાર કરી. છેક અંત સુધી તેઓ સંપૂર્ણપણે સભાન હતા. મને એક જ વાતનો સંતોષ છે કે તેમના છેલ્લા શ્વાસ સુધી હું તેમની સાથે હતો.

આજે હું ઈશ્વરને પ્રાર્થના કરું છું કે પપ્પાના આત્માને પરમ શાંતિ અર્પે અને અમને સહુ કુટુંબીજનોને તેમણે, દાદાસાહેબે અને અમારા પૂર્વજોએ આપેલો ભવ્ય વારસો જાળવવાની શક્તિ આપે.

સૌજન્ય : ('પુરુષોત્તમ ગણેશ માવળંકર સ્મૃતિગ્રંથ')

---

# નાનકડી જિંદગીમાં....

**ડેનિયલ માઝગાંવકર**

અમારી એક બહેન કેનેડામાં રહે છે. એના પરિવારમાં છે એના પતિ, બે બાળકો અને થોડાં ઢોર. ખેતી કરે છે; ખૂબ મહેનતુ છે. અને રાતે કમ્પ્યુટર પર બેસીને સારી સારી વાતો, હૃદયસ્પર્શી એવી ઘટનાઓ પોતાના મિત્રોને ઈ-મેલથી મોકલતી રહે છે. આવી એક ઘટના એના જ શબ્દોમાં રજૂ કરું છું :

કેટલાંક વરસ પહેલાં અમેરિકાના સીએટલ શહેરમાં એક વિશેષ પ્રકારની ઓલિમ્પિક સ્પર્ધાનું આયોજન થયું હતું. એક દિવસ નવ સ્પર્ધકો દોડની સ્પર્ધા માટે ઊભા થઈ ગયા. તે નવે નવ જણ જન્મથી જ શારીરિક કે માનસિક મંદત્વના શિકાર બનેલાં હતાં. તેમ છતાં તે નવ ભાઈ-બહેન એકસો મીટરની દોડ માટે એક કતારમાં ઊભાં રહી ગયાં હતાં. પિસ્તોલનો અવાજ સાંભળીને બધાંએ દોડવાનું શરૂ કર્યું. દોડવાનું તો શું, - લથડાતા પગે બીજા છેડે પહોંચવા માટે બધાં નીકળી પડ્યાં. તે સ્પર્ધામાં કોણ પહેલું આવે છે, તે જોવાનું હતું.

બધાં ધીરે ધીરે આગળ વધતાં હતાં.



પણ તેઓમાં એક સાવ નાનો છોકરો હતો. તે થોડેક સુધી તો ખૂબ મહેનત કરીને બધાંની સાથે ચાલ્યો, પણ પછી લથડીને વચ્ચે જ પડી ગયો. નાનો હતો, રોવા લાગ્યો.

બીજાં આઠ જેઓ થોડાંક આગળ નીકળી ચૂક્યાં હતાં, એમણે આનો રોવાનો અવાજ સાંભળ્યો એટલે પોતાની ગતિ ધીમી કરી નાખી અને પાછળ ફરીને જોયું. પછી એ બધાં પાછાં ફરી ગયાં અને આ પડી ગયેલા છોકરા તરફ ચાલવા માંડ્યાં. તે આઠમાં એક છોકરી હતી, જે પોતે પણ બૌદ્ધિક મંદત્વની શિકાર હતી. પેલા છોકરા પાસે આવીને તેણે નીચે નમીને તેનો હાથ પકડ્યો, તેને બેઠો કરી દીધો, અને પ્રેમથી તેને ચૂમી લેતાં એ બોલી, ''ચાલ, હવે તને કશો વાંધો નહીં આવે.''

ત્યાર બાદ ફરી એ બધાં નવ સ્પર્ધકો એકબીજાના હાથ પકડીને દોડના અંતિમ છેડા સુધી ચાલવા લાગ્યાં અને બધાંએ મળીને એક સાથે દોરડું પાર કર્યું.

તે વખતે ત્યાં જેટલા યે દર્શકો હાજર હતા એમનાથી એ દૃશ્ય ભૂલ્યું ભુલાતું નથી. કેમ કે પોતપોતાના હૃદયના ઊંડાણમાં આપણે બધાં એક વાતની બરાબર અનુભૂતિ કરતા રહીએ છીએ કે આ નાનકડી જિંદગીમાં કેવળ પોતાની જ જીત માટે કોશિશ કરતાં રહેવાનું પૂરતું નથી. જરૂર તેની છે કે આપણે સહુ આ જિંદગીમાં બીજાને જિતાડવામાં પણ સહાયક બનીએ, પછી ભલે ને તેમ કરતાં આપણી પોતાની ગતિ થોડીક ધીમી કરવી પડે અથવા આપણે આપણી રાહ થોડી બદલવી પડે.

❖❖❖

# ગીતા



ડૉ. આઈ. કે. વીજળીવાળા

'ગીતા સિરિયસ થઈ ગઈ છે. જલદી આવી જાવ.' રાત્રે એક વાગ્યે મને મળેલ કૉલમાં આ પ્રમાણેનું વાક્ય લખ્યું હતું.

એ વખતે હું એમ. ડી. ના અભ્યાસક્રમમાં બીજા વર્ષમાં હતો. ભણવાની સાથે બાળદર્દીઓની સારવાર પણ અમારી ટ્રેનિંગનો એક ભાગ હતી. આ જવાબદારી ખૂબ જ નિયમિત અને અત્યંત ચુસ્તતાપૂર્વક નિભાવવાની હોય છે. ગમે તે સમયે કોઈ પણ દર્દીને તકલીફ વધે તો જુનિયર ડૉક્ટર જે પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા હોય તે અમને કૉલ લખીને બોલાવે. એ સમયે વાંચવાનું તેમજ ડ્યૂટી બજાવવાની એમ બેવડી જવાબદારીઓ વેંઢારવાની આવતી. આરામ અને અમૃત શબ્દોમાં કંઈ ફર્ક ન લાગે, એ એકબીજાના પર્યાય લાગે એવા એ કપરા દિવસો. આવી જ અમૃતનો આસ્વાદ કરવાની ક્ષણોની વચ્ચે ઉપર મુજબનો કૉલ આવ્યો હતો. આવા કૉલનો અર્થ દર્દી હવે અત્યંત ગંભીર છે એવો પણ અમે ગણતા. કદાચ પહોંચીએ ત્યાં સુધીમાં એ બાળક આ ફાની દુનિયા છોડી ગયું હોય તેવું પણ બને.

પણ આજના કૉલથી આઘાત લાગે તેવું જરા પણ નહોતું. કારણ કે ગીતા તો સિરિયસ જ હતી. એ દાખલ થઈ ત્યારથી જ એની તબિયત ગંભીર હતી. આજના કૉલનો અર્થ તો ફક્ત એટલો જ હતો કે, 'ગીતા હવે ડચકાં ખાવામાંથી મુક્ત થઈ ગઈ છે.'

આ ગીતા ફક્ત અગિયાર વરસની ખૂબ જ વાચોડિયણ છોકરી હતી. છોટા ઉદેપુર તરફના ગામડામાંથી આવતી એ આદિવાસી દીકરી શામળી પણ ખૂબ જ નમણી હતી. ગળાના કાકડા પાકવામાંથી એને ર્‌હ્યુમેટિક ફીવર નામનો એક સાંધાનો વા થયેલો. જેનાથી હૃદયનો વાલ્વ ખરાબ થી ગયો હતો. એ રોગની ખાસિયત હૃદયના મુખ્ય વાલ્વને ખરાબ કરવાની હોય છે. આ પ્રકારનો સાંધાનો વા થયા પછી બેન્ઝાથીન નામથી ઓળખાતું પેનિસિલીનનું એક ઈંજેક્શન દર ૨૧ દિવસે લેવું પડે. અને જો એ પ્રથમ ઍટેકથી જ નિયમિત ન અપાય તો એના ઉત્તરોત્તર થતા હુમલાઓ સાંધાઓને તો કંઈ નથી કરતા પણ હૃદયને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. ગીતાના કિસ્સામાં પણ આવું જ બનેલું. સારવારના અભાવે એક પછી બીજો એમ વાનો હુમલો આવતો ગયો અને ગીતાના નાજુક હૃદયમાં પારાવારનું નુકસાન કરી નાખ્યું હતું. એકાદ વખત ગીતાનાં માબાપ એને નજીકના સરકારી આરોગ્યકેન્દ્રમાં લઈ ગયાં હતાં. ત્યાંના ડૉક્ટરે ગીતાને તપાસીને તરત જ એને વડોદરા લઈ જવાની સલાહ આપેલી. પણ મજૂરી કરીને પેટિયું રળવામાં જ લોથ થઈ જતાં એનાં માબાપ માટે વડોદરાના મોટા દવાખાનાનો ધક્કો વધારે પડતો ખર્ચાળ બને તેમ હતો. એમને વડોદરા આવવું પોસાય તેમ જ નહોતું. બસના ભાડાનો વેંત કરવા માટે એકાદ બકરું વેચી નાખવું પડે તેના કરતાં તો અમુક પાંદડાં ગરમ કરી ગીતાને પગે બાંધવાં અને એવી બધી ઘરગથ્થુ દવાઓ કરવી એવું નક્કી કરવામાં આવેલું. આમાં ઉંબેરણની માફક ગામના ભૂવાએ પણ થોડાં મંત્ર-તંત્ર ઝાડી આપ્યાં. આ રોગના કુદરતી ક્રમ પ્રમાણે ગીતાનો પગ તો સારો થઈ ગયો પણ એના હૃદયનો વાલ્વ વેતરાઈ ગયો. છેલ્લાં બે વરસથી એને ચાલતી વખતે તેમજ ઘરનું કામ કરતી વખતે શ્વાસ ચડતો હતો. જ્યારે થોડુંક ચાલતાં ચાલતાં પણ એને શ્વાસ ચડવા માંડ્યો અને રાત્રે પણ એ ક્યારેક હાંફતાં હાંફતાં પરસેવે રેબઝેબ થઈ જવા માંડી ત્યારે એને કોઈક ગંભીર બીમારી લાગુ પડી ગઈ છે એવું એનાં માબાપને લાગવા માંડ્યું હતું. સમય પસાર થતો ગયો તેમ રોજ રાત્રે ગીતાને ઊંઘમાંથી અચૂક બેઠાં થઈ જવું પડતું. એક દિવસ એને ખૂબ જ ઉધરસ સાથે ગળફામાં લોહી પડ્યું. બસ ! આ લોહી દેખાયું એટલે ગીતાને મોટા દવાખાને લાવવાનો નિર્ણય લેવાયો હતો. એને અમારા વૉર્ડમાં જ ભરતી કરવામાં આવેલી. આમ તો એ દાખલ થઈ એ દિવસથી જ એવું લાગતું હતું કે એ લાંબું નહીં ખેંચે. એના બધા જ રિપોર્ટ્સ કહેતા હતા કે હૃદયનો ડાબી તરફનો મુખ્ય વાલ્વ જે માઈટ્રલ વાલ્વના નામે ઓળખાય છે તે સાવ કરતાં સાવ સાંકડો થઈ ગયો હતો. એ પરિસ્થિતિની મુખ્ય સારવાર છે ઑપરેશન દ્વારા એ વાલ્વને પહોળો કરી નાખવો. પણ એ સારવાર એ વખતે ખૂબ જૂજ દર્દીઓ પર કરવામાં આવતી. અને એવા દર્દીઓને પણ પુષ્કળ જોખમ રહેતું. આ બધું જોતાં એવું લાગતું હતું કે ગીતા હવે થોડા દિવસની જ મહેમાન છે. છતાં અમે એની સારવાર બની શકે તેટલી કાળજીથી કરતા હતા.

એના હૃદયને થોડો પણ ફાયદો થઈ શકે તો તે કરવા માટે અમે સૌ કટીબદ્ધ હતા.

કુદરતનું કરવું હશે તે દાખલ કર્યાના થોડા દિવસમાં ગીતાને ઘણું સારું લાગવા માંડ્યું હતું. હવે એને શ્વાસ ચડવો બંધ થઈ ગયો હતો. એ આખા વૉર્ડમાં આંટા મારી શકતી હતી. અને પછી તો એ ગામડાની ભોળી અને માસૂમ દિકરી, એની અદ્ભુત ગામઠી બોલી અમારા સૌના આકર્ષણનું કેન્દ્ર બની ગયાં. અમે એની વાતોમાં અમારો થાક પણ ભૂલી જતા. એ એના ગામડાની, એનાં બકરાંની, છોટા ઉદેપુરના જંગલની વાચો માંડતી ત્યારે એ તો એમાં ખોવાઈ જ જતી પણ અમને પણ એના ગામડાની માનસિક સફર કરાવી આપતી. એ લોકો બકરાંનો પાલો કેવી રીતે ભેગા કરતાં, પાંદડાં પાડવા ઝાડ પર શી રીતે ચડતાં, એ વખતે કોણ કોણ પડેલું અને કેવા કેવા છબરડા થયેલા તેની વાતો કરતાં એ ખિલખિલાટ હસી પડતી અને આખા વૉર્ડમા પણ હાસ્યું મોજું ફેલાઈ જતું.

પણ એની આ શાંતિ થોડાક દિવસ પૂરતી જ હતી. એને અપાયેલી દવાઓની અસર થોડાક વખતમાં જ મંદ પડવા લાગેલી. ધીરે ધીરે ગીતા પોતાનો ખાટલો છોડીને કયાંય ન જઈ શકતી. હવે એને ચાલતી વખતે ફરી વખત શ્વાસ ચડવા માંડ્યો હતો. એને થાક પણ તરત જ લાગી જતો. એને ધીરે ધીરે થોડાક દિવસથી નહીં દેખાયેલી ઉધરસ ફરીથી દેખાવા લાગી હતી. અમને એનાં લક્ષણોથી ચિંતા થતી હતી, પણ અમે ગીતાનાં માબાપ જેટલા જ લાચાર હતા. આનાથી વધારે સારવાર એ વખતે શક્ય જ નહોતી. ગીતાને હવે શ્વાસ ચડવાનું પ્રમાણ વધવા માંડ્યું હતું. ઉધરસ પણ ખૂબ જ રહેતી. થોડા જ દિવસમાં એ વધારે વાતો પણ નહોતી કરી શકતી. છોટાઉદેપુરનું જંગલ એ દીકરીની આંખોમાં અડાબીડ ઊગેલું હતું પણ એને અમારી સુધી પહોંચાડવા માટે એનું શબ્દોનું માધ્યમ નકામું બની ગયું હતું. એની આંખો વાંચીને અમે વધારે દુ:ખી થઈ જતા હતા.

ગીતાનો બાપ રાતદિવસ એની જોડે જ રહેતો. ગીતા એની ખૂબ જ લાડકી હતી એ એની વાતો પરથી તેમજ એ જે રીતે ગીતાની કાળજી રાખતો તેનાથી જણાઈ આવતું. અમે ગમે ત્યારે વૉર્ડમાં જઈએ ત્યારે ગીતા જોડે તેનો બાપ હાજર જ હોય. ગરીબડો બાપ વારે વારે હાથ જોડીને, 'સાહેબ ! મારી ગીતાને સારું તો થઈ જશે ને ?' એવું પૂછતો અને અમે એને (અલબત્ત ખોટું જ) આશ્વાસન આપતા કે, 'હોવે કાકા ! એ તો દોડતી જશે.' અને એ ભોળો ગામડિયો જાણે દેવદૂતોએ વરદાનના શબ્દો ઉચ્ચાર્યા હોય તેવો આનંદ અનુભવતો. અમે એની આંખોમાં જોવાની હિંમત ન હોવાથી ઝડપભેર બીજા દર્દી પાસે પહોંચી જતા.

ગીતાને ખૂબ જ શ્વાસ ચડવાથી છેલ્લા બે દિવસથી અમારે ઑક્સિજન શરૂ કરવો પડ્યો હતો. એ હવે કંઈ પણ બોલી શકતી નહોતી. ઊંહકારા ભરવાથી વિશેષ એની પાસે કોઈ ભાષા જ હવે નહોતી રહી. એનો બાપ પણ હવે અમારાં વચનોની નિરર્થકતા સમજી ચૂક્યો હતો. બે દિવસથી એણે રટણ શરૂ કરી દીધું હતું કે, 'હવે અમારે દવા નથી કરાવવી. અમને રજા આપી દો. એ છોડી મરી જવી હોય તોય ભલે અમારા ઘેર જઈને મરતી. પણ અમને જવા દો.' અમારું સૌનું મન પણ હવે આ છોકરી નહીં બચી શકે તેમ કહેતું હતું પણ દર્દીના અંતિમ શ્વાસ સુધી આશા ન જ છોડવી એવું અમને શીખવવામાં આવ્યું હોય છે. છેલ્લા શ્વાસથી પણ દર્દી પાછા ફર્યાના દાખલા મોજૂદ હતા એટલે અમે લોકો સંપૂર્ણ હાર માની લેવા તૈયાર નહોતા. ક્રિકેટની રમતમાં છેલ્લી ઓવરમાં દોઢસો રન કરવાના બાકી હોય તેવો અમારો ઘાટ હતો તેમ છતાં અંતિમ દડા સુધી રમવાની અમારી તૈયારી હતી. એ સાંજે હું રાઉન્ડ લેવા ગયેલો ત્યારે ગીતા ખૂબ જ હાંફતી હતી. માંડ માંડ બેચાર શબ્દો બોલેલી કે, 'મને ..સા...રું...થઈ ..જશે.. ?' અને એ વખતે એના માથા પર હાથ ફેરવીને મેં એને ખોટી હા પાડેલી.

અત્યારે રાત્રે એક વાગ્યે આવેલ કૉલમાં ગીતા ખૂબ સિરિયસ છે તેવું ભલે લખેલું હતું પણ તેનો મતલબ તો એવો જ હતો કે હવે કદાચ ગીતાને કોઈ દવા કે ઑક્સિજનની જરૂર જ નહીં રહી હોય. હું દોડતો વૉર્ડમાં પહોંચ્યો ત્યારે જુનિયર ડૉક્ટર ડેથ સર્ટિફિકેટ ભરી રહ્યા હતા. ગીતાનો બાપ એમની બાજુમાં જમીન પર ઉભડક બેઠો હતો. એ સાવ સૂનમૂન થઈ ગયો હતો. એને શું કહેવું તેમજ શું વાત કરવી એ ન સમજાતાં હું પણ ત્યાં એક ખુરશી પર મૌન ધારણ કરી બેસી ગયો.

ગીતાના હૃદયમાં ખરેખર શું તકલીફ હતી એ જાણવા માટે અમારા બધાની ઈચ્છા એનું પોસ્ટમૉર્ટમ કરાવવાની હતી. એ સમયે સરકારી ઈસ્પિતાલમાં ઈકોકાર્ડિયોગ્રાફી માટેનું મશીન નહોતું. એટલે એનું પોસ્ટમૉર્ટમ જ એના હૃદયની સાચી તસવીર અને બતાવી શકે. અને પોસ્ટમૉર્ટમથી જ આવી પરિસ્થિતિ અંગેની પૂર્ણ જાણકારી મળી શકે. ગીતાના બાપને ગીતા ખૂબ જ લાડકી હતી એ હું જાણતો હતો. એને આ વાત કરવી કઈ રીતે ? આમેય આપણા દેશમાં પોસ્ટમૉર્ટમ અંગેની મંજૂરી મેળવવા માટે માબાપને સમજાવતાં દમ નીકળી જતો હોય છે. ગીતાનો બાપ શૂન્યાવકાશમાં ક્યાંક તાકી રહ્યો હતો. એની આંખોના ખૂણે રહેલી ભીનાશ એના

આઘાતને છતો કરી દેતી હતી. જો અત્યારે જ પોસ્ટમૉર્ટમ માટેની મંજૂરી ન મલે તો અમારા માટે એક રોગ પૂરેપૂરો સમજાયા વગર જ પૂરો થઈ જતો હતો.

હિંમત કરીને મેં ગીતાના બાપને કહ્યું, 'કાકા ! ગીતા તો ગઈ. ઈશ્વરની ઈચ્છા હતી તેમ થયું. એ આયુષ્ય જ ઓછું લખાવીને આવી હશે. આવા બીજા કોઈ દર્દીની દવા કેમ કરવી એની અને વધારે સમજણ પડે એટલા માટે તેનું પોસ્ટમૉર્ટમ કરાવવાની અમારી ઈચ્છા છે. એનું હૃદય અમારે અંદરથી તપાસવું છે. જો તમે એની મંજૂરી આપો તો જ એ શક્ય બની શકે...'

એ માણસ બેચાર ક્ષણ મારી સામે જોઈ રહ્યો. હું એના ભાવ કળવા પ્રયત્ન કરતો હતો. મને થયું કે કદાચ આપણા લોકોના માનસ મુજબ એ ના પણ પાડી દે. એ થોડો વધારે ગંભીર થયો. પછી કંઈક વિચારીને એક ઊંડો શ્વાસ એણે લીધો. ઉભડક બેઠો હતો તેમાંથી એ ઊભો ગયો. બે હાથ જોડ્યા પછી મને આજીજી કરતો હોય તેમ બોલ્યો, 'એક કામ કરશો મારું ?'

'બોલો કાકા ! તમે જે કહેશો તે કરશું. બસ, તમે પોસ્ટમૉર્ટમ કરાવવાની રજા આપો.' મેં કહ્યું.

'ઈ તમે ભલે કરો. લાવો તમે કયો ત્યાં અંગૂઠો મારી દઉં. એના શરીરને જેમ તપાસવું હોય તેમ તમ-તમારે તપાસો. પણ મારું કામ કરી આપો તો તમારા જેવો ભગવાનેય નહીં.'

બોલો કાકા ! તમે નિઃસંકોચ બોલી નાખો.' મેં કહ્યું.

'તમે ગીતાના મડદાને પછી બાળી નાખશો ? મારું એટલું કામ કરી દેશો ?'

અમે સૌ સ્તબ્ધ થઈ ગયા. કોઈ પોતાના બાળકની અંતિમક્રિયાની જવાબદારીમાંથી આ રીતે મુક્તિ મેળવવા કરે ખરું ? લાગતું તો એવું હતું કે એ કાકાને ગીતા ખૂબ જ વહાલી હોય.

'અરે કાકા ! તમને તો ગીતા વહાલી હતી તો પછી એને તમારે ગામડે નથી લઈ જવી ? પોસ્ટમૉર્ટમ તો હમણાં એકાદ કલાકમા પતી જશે. પછી એની અંતિમક્રિયા તો તમારા ઘરે જ કરવાની હોય ને ?' મેં કહ્યું.

'બાપા ! ઈ છોડી તો મને બહુ વહાલી હતી. એને આમ મૂકીને જતાં મારોય જીવ નથી ચાલતો. પણ....' એ બે ક્ષણ કંઈ બોલી ન શક્યો. એનાં આંસુઓ એના ગાલ પરથી હવે નીચે ટપકી રહ્યાં હતાં.

'તો પછી કેમ નથી લઈ જવી ? બોલો ! શું તકલીફ છે એને લઈ જવામાં ? મને કહેવા જેવું હોય તો તમે જાણ કરી શકો.' એ માણસ મૂંઝાતો હોય તેવું મને લાગ્યું.

થોડી વાર અટકીને એ બોલ્યો, 'લઈ તો જાવી છે પણ એને લઈ કેમ જવી ? મારી પાસે ખિસ્સામાં એક ફદિયુંય નથી. પછી એને બાળવાના પૈસાય જોહે ને ?' એ ગરીબ માણસે પોતાનું દિલ ખોલી જ નાખ્યું.

એ વખતે એની આંખમાં તો આંસુ હતાં જ, અમારી આંખો પણ ભરાઈ આવી હશે, કારણ કે અમને પણ હવે ઝાંખું દેખાતું હતું. અમારી વાચા જ હણાઈ ગઈ હતી. કેવી ભયંકર આર્થિક ભીંસ હશે કે પોતાની વહાલસોયી દીકરીના શરીરને પણ એ માણસ જોડે નહોતો લઈ જઈ શકતો. આવા વખતે અમારી વચ્ચે એક વણલખ્યો પ્રોટોકૉલ હતો. કંઈ પણ બોલ્યા વિના ચૂપચાપ જેના ખિસ્સામાં જે કંઈ હતું એ સૌએ ટેબલ પર મૂકી દીધું. પોસ્ટમૉર્ટમ થઈ ગયા પછી હું અને જુનિયર ડૉક્ટર સાથે જઈ રિક્ષા બંધાવી આવ્યા. રિક્ષાવાળાને આવવા-જવાના પૈસા આપી દીધા. રિક્ષામાં બેસતી વખતે પેલાં ગરીબ માબાપ નિર્જીવ ગીતાને એવી રીતે ખોળામાં ગોઠવતાં હતાં કે જાણે એ જીવતી ન હોય ! પેલા માણસે પોતાનો એક હાથ જરાક ઊંચો કર્યો. બીજી ક્ષણે રિક્ષા રાતના અંધારામાં ઓગળી ગઈ... નીરવ શાંતિ છવાઈ ગઈ ! ગીતા તો ગઈ. હા ! અમને એનું દિલ આપતી ગઈ હતી, તપાસ માટે. જેથી કદાચ અમે એવી બીજી કોઈ ગીતાની જિંદગી બચાવવા માટે વધારે ઝઝૂમી શકીએ.

## તમે જ એને મળ્યા હોત તો ?

**ના**નકડી એક વાર્તા છે.

એક માણસનું જીવવું ઝેર થઈ ગયું. આશાનું એક નાનકડું કિરણ પણ કયાંય નજરે ચડતું નહોતું. એને થયું કે આ જીવનનો અંત લાવ્યે જ છૂટકો. શહેરની વચ્ચેથી રેલવે પસાર થાય ત્યાં જઈને, ગાડી આવે ત્યારે પાટા પર પડતું મૂકવાનું તેણે નક્કી કર્યું

પણ ઘેરથી નીકળતાં બીજો પણ એક સંકલ્પ તેણે કર્યો કે, રસ્તામાં જે માણસો મલે તેમાંથી એકાદ પણ જો એના તરફ જોઈને જરાક સ્મિત કરે, એ સ્મિત વડે એના અંતરમાં લગીર હૂંફ પ્રગટાવે, તો મરવાની યોજના પડતી મૂકીને ઘેર પાછા ફરી જવું.

......હવે એ વાતને ત્યાં રાખીએ. એ માણસનું પછી શું થયું, તે જવા દઈએ. પણ એક સવાલ થાય છે : એ માણસ ઘેરથી નીકળ્યો પછી, રસ્તામાં કદાચ તમે જ એને સામા મળ્યા હોત તો ? – બોલો, એનું શું થાત ? ત્યાંથી ઘેર પાછા ફરવાનું કારણ તમે તેને આપી શક્યા હોત ? જરા વિચારી જોજો !

**સુમંત દેસાઈ ('લોકજીવન' પખવાડિક)**

# એ રસોઈ કરે છે, હું...

હરિશ્ચંદ્ર

**એ** રસોઈ કરે છે, હું ઑફિસે જાઉં છું. રજાના દિવસે ફરવા જઈએ છીએ. ક્યારેક ગાર્ડનમાં, ક્યારેક ગંગાકાંઠે.

ક્યારેક અમે સિનેમા જોવા જઈએ છીએ ત્યારે હું કહું છું, 'હું તને એક અંગ્રેજી ફિલ્મ બતાવીશ.'

'નહીં રે, મને ન સમજાય.'

'હું સમજાવીશ ને!'

પછી ઘરે આવીએ છીએ. ખાઈ પરવારી સૂઈ જઈ એ છીએ. સવારે અંગ્રેજી ફિલ્મની વાત વિસરાઈ જાય છે. એ રસોઈ કરે છે, હું ઑફિસે જાઉં છું.

એક દિવસ અમે એક લગ્નમાં ગયાં. એણે બનારસી સાડી પહેરી. ત્યાં ખૂબ ઝાપટ્યું. જમણની વાતો કરતાં – કરતાં પાછાં ફર્યા. રાત્રે સૂતી વખતે કહે, 'મારી સાડી શું એટલી જૂની દેખાય છે ?'

'કેમ વળી ?'

'આજે સ્ત્રીઓ કહેતી હતી.'

'સાચે જ! તો હવે તારા માટે એક કીમતી નવી બનારસી સાડી લાવીશ.'

વાત કરતાં-કરતાં સૂઈ જઈએ છીએ. સવારે નવી સાડી વિસરાઈ જાય છે. એ રસોઈ કરે છે, હું ઓફિસે જાઉં છું.

ક્યારેક અમને થાય છે, દૂર-દૂર પ્રવાસે જઈ એ. બંને બાજુ ચિનાર ને દેવદારની ઘટાટોપ છાયા હોય, હું એને કહું છું, 'પૂજાની રજાઓમાં હું તને કાશ્મીર લઈ જઈશ.'

'કાશ્મીર! પણ એટલા પૈસા ક્યાંથી આવશે ?'

'તેની ચિંતા તું ન કરીશ.'

એ કાંઈ બોલતી નથી. થોડી વાર મૂંગી -મૂંગી ચાલીને કહે છે, 'ત્યાં હું ગરમ કોટ લઈશ.'

'અને હું એક મજાની ગરમ શાલ.'

તે દિવસે રાતે સૂતાં ત્યાં સુધી કાશ્મીરની સહેલગાહ ચાલી. સવારે કાશ્મીર કયાંય વિસારે પડ્યું. એ રસોઈ કરે છે, હું ઑફિસે જાઉં છું.

ક્યારેક મનમાં થાય છે, સરસ મજાનો ફ્લેટ ખરીદું. છાપાંમાંની જાતજાતની જાહેરાતો એને વાંચી સંભળાવું છું. એ મરક-મરક હસ્યા કરે છે. 'હસે છે શાની ?'

'પણ એ તો કહો કે આટલા રૂપિયા ક્યાંથી કાઢશો ?'

'હું ઑફિસમાંથી લોન લઈશ.'

'પણ એ ભરપાઈ ક્યાંથી કરશો, મારા રાજ ?'

'એ તો થશે.'

અને હું તોરમાં ને તોરમાં બોલ્યે જાઉં છું... પણ... પણ... ચમકીને જોઉં છું તો એનું ધ્યાન તો ક્યાંક બીજે જ છે. મારો પારો ઊતરી જાય છે. રાત પડે છે. અમે ઊંઘી જઈએ છીએ. સવારે ઊઠીએ છીએ. ફ્લેટ વિસરાઈ જાય છે. એ રસોઈ કરે છે, હું ઑફિસે જાઉં છું.

ક્યારેક ક્યારેક પથારીમાં પડ્યા-પડ્યા હું કહું છું, 'તારું નસીબ સારું નથી.'

'કેમ, શું થયું ?'

'નહીં તો શું ? મારી સાથે તારાં લગ્ન થયાં!'

'પણ મને શી ખોટ છે ?'

'ખોટ જ ને! તેં અંગ્રેજી સિનેમા જોયો નથી. ઊંચી બનારસી સાડી નથી તારી પાસે. ક્યારેય તું કાશ્મીર જઈ શકી નથી. સરસ મજાના ફ્લેટમાં રહી શકી નથી....'

'પણ તેથી શું ?'

'તને આનું દુઃખ નથી થતું ?'

પરંતુ હું જોઉં છું કે આમ વાતો કરતાં-કરતાં જ એ તો ઘોરવા માંડે છે. એનો ચહેરો જોઉં છું. ચિંતાની કોઈ કરચલી એના કપાળે નથી. અને હુંય ઊંઘી જાઉં છું. સવારે બધું વિસારે પડ્યું હો છે. એ રસોઈ કરે છે, હું ઑફિસે જાઉં છું.

અને આમ ને આમ ઋતુઓ બદલાય છે, અને વરસો પણ. એક દિવસ મારા માથામાંથી ધોળો વાળ ખેંચી કાઢતાં એ કહે છે, 'ઘરડા થયા કે ?'

'હું એકલો જ ?'

'હાસ્તો!...હું નહીં હોં!'

'જોઉં જોઈએ!' ખૂબ શોધી-શેધીને એના માથામાંથીયે એક ધોળો વાળ ખેંચી બતાવું છું.

'ખરે જ... આપણે ઘરડાં થતાં ચાલ્યાં!'

'હા, બાઈસાહેબ!' થોડીવાર બંને મૂંગાં રહ્યાં. પછી મેં કહ્યું, 'તને હું માથે લગાડવાનો કલપ લાવી દઈશ.'

એ કાંઈ બોલી નહીં. મને પણ આગળ કાંઈ સૂઝ્યું નહીં. રાત્રે સૂતાં, સવારે ઊઠ્યાં. કલપની વાત વિસરાઈ ગઈ. એ રસોઈ કરે છે, હું ઑફિસે જાઉં છું.'

આમ, દિવસો પછી દિવસો અને વરસો પછી વરસો જાય છે. અમારા વાળ વધુ ધોળા થતા જાય છે. વચ્ચે વચ્ચે દક્ષિણેશ્વર જઈએ છીએ. જગદંબાની પૂજા કરી આવીએ છીએ. હું કહું છું. 'રામકૃષ્ણ પરમહંસ કહેતા કે કર્મનું ચક્કર કયાં સુધી ? એ નથી દેખાયો ત્યાં સુધી.'

'પણ આપણું કર્મ ચિરકાળ ટકશે.'

'કેમ ?'

'પરમહંસ એમ પણ કહેતા કે ભૂખ્યા પેટે ભગવાન ભજાતો નથી.'

એનું કહેવું સાંભળી મને હસવું આવે છે. એ પણ હસે છે. હસતાં-હસતાં અને સૂઈ જઈએ છીએ. સવારે પરમહંસ વિસારે પડે છે. એ રસોઈ કરે છે, હું ઑફિસે જાઉં છું.

(શ્રી રમાનાથ રાયની બંગાળી વાર્તાને આધારે)

❖❖❖



# છોકરીઓ, ચેતજો !

શિરીષ મહેતા

**હા**, હવે હદ થાય છે. પાછાં તમે કહેશો કે, કાકી બોલે છે ! પણ બોલું નહીં તો કરું શું ? ઘણુંય મનથી થાય કે બોલીને કડવી ન થાઉં. પણ મારો જીવ જ અભાગિયો, એટલે બહુ થાય ત્યારે બોલી જવાય. આ આટલા દિવસથી તું દેખાતી નહીં, એટલે મનમાં ચિંતા થયા કરે કે તબિયત તો ઠીક હશેને ? છેવટે આજે જીવ ન રહ્યો, એટલે તણાઈને આવી, ચાર દાદરા ચડી – પણ તારે ઘેર તો તાળું !

અમેય ઘર નથી ચલાવ્યું શું ? પણ આજકાલ બધું નવી નવાઈનું જ છે. અમારા જમાનામાં ઘરનાં બૈરાંને ભાગ્યે જ બહાર નીકળવું પડતું. લગ્નસરા કે વારતેવાર હોય કે પછી દેવદર્શને જવું હોય ત્યારે જ બહાર નીકળતાં. પણ હવે તો જમાનો જ ફરી ગયો છે. એમાં તમે બૈરાંઓએ ઘરનાં અને બહારનાં બંને કામો જાણી જોઈને તમારી ઉપર લઈ લીધાં, અને પછી તો એ તમારી ઉપર જ આવી પડ્યાં – હું તો કહું છું કે તમારા વરોએ જ એ તમારી ઉપર ઠોકી બેસાડ્યાં ! શરૂઆતમાં ફક્ત હોંશને લીધે તમે બહારનું કામ માથે લીધું, પણ પછી તો એ કાયમનું થઈ ગયું ! તો બીજી બાજુ તમારા વરો આળસુ થતા જાય છે એની ખબરેય પડે છે તમને ! એમને મન તો, ભલું થયું ભાંગી જંજાળ !

અમારા જમાનામાં બૈરાંથી ઝોળી લઈને બહાર જવાતું નહોતું. જરા બનીઠનીને નીકળ્યાં કે ચંપલ પહેર્યાં, ને કોઈ જુએ તો વાતો થવામાં બાકી ન રહે. પણ હવે ક્યાં કાંઈ એવું રહ્યું છે ? ઉઘાડે માથે ને હાથમાં ઝોળી લેતાં આ નીકળ્યાં છે શાક લેવા ! કેડમાં છોકરું ને હાથમાં ઝોળી હોય અને બૈરાં ઊભાં હોય રેશનિંગની દુકાને લાઈનમાં ! પુરુષને તો પોતે ભલો ને ઑફિસ ભલી. બીજી લપ્પનછપ્પન જ નહીં ને !

ગયા શુક્રવારે છોકરાંને દાક્તરને ત્યાં લઈ જતાં તને રસ્તામાં મનુ મળેલો, તે એણે મને કહ્યું. હું પૂછું છું કે છોકરાંને દાક્તર પાસે લઈ જવાનું કામ કોનું છે ? તારું કે એના બાપનું ? એ કામ પણ એણે તારા ઉપર નાખી દીધું છે ! વળી દાક્તરે લખી આપેલી બાટલી દવાવાળાને ત્યાંથી તારે જ લાવવાની હશે. વરે કહી દીધું હશે કે ''ભેગાભેગી લેતી જ આવજે ને !''

હા, હા. હવે રહેવા દે ! હું બધુંય જાણું છું. ગયે મહિને તારી સાસુ આવ્યાં ત્યારે સ્ટેશને તેડવા અને પાછાં જતી વખતે ટિકિટ રિઝર્વ કરાવવા તારે જ જવું પડ્યું હતું ને ? તારા વરના પગ શું ભાંગી ગયા હતા ? તું જ કહેતી'તી કે એમણે કહ્યું કે, બૈરાંની લાઈન જુદી હોય, એટલે જલદી ટિકિટ મળી જાય. વાહ, બૈરાંનો આવો ફાયદો તે લેવાતો હશે ! શરમ આવવી જોઈએ આવા વરોને !

ક્યારેક તમારાં કામનાં વખાણ કરી તમને ચડાવે, અને તમેય પાછાં કાળજાંનાં કાચાં, એટલે ફુલાઈને ફાળકો થઈ જાઓ ! હું કહું છું, આમ એકધારો ઢસરડો કરીશ તો માંદી પડીશ, તબિયત હાથથી જશે. હા, સમયસર ચેતવું છું તને. બાકી... મારે શું ?

નળમાં પાણી ચડતું ન હોય, ત્યારે ભોંયતળિયેથી પાણી તારે જ લઈ આવવું પડે છે ને ? હું બધુંય જાણું છું...... એમાં તો શરમ આવે ને એમને પાછી ! ઘાટી ન આવ્યો હોય અને હાથે કામ કરવાનું હોય, ત્યારે તમારા વરોએ મદદ કરી છે તમને ? પાછા ઉપરથી કહેશે, ''આ બૈરાં વ્યાયામ નથી કરતાં, એટલે એમનાં શરીર બેડોળ થઈ જાય છે !'' અરે, બૈરાંની સરખામણીમાં એક દિવસ પણ કામ થશે તમરાથી ! સવારના ઊઠતાંવેંત ચાપાણીથી માંડીને શાક સમારવું, રસોઈ કરવી, પાણી ગરમ કરવું, કપડાં પલાળવાં, છોકરાંને નવરાવવાં – તૈયાર કરવાં – જમાડવાં, અજીઠવાસ ઉસેડવો..... બપોરના પણ પાછું અનાજ સાફ કરવું, ફાટેલતૂટેલ સાંધવું વગેરે કામોની તો જાણે લંગાર લાગી હોય છે બૈરાંને ! એમાં પાછાં અથાણાં-પાપડ જુદાં.

આ તો રોજની રામાયણ. આટલાં કામ જાણે ઓછાં હોય તેમ તમે જાતે ઊઠીને જ બહારનાં કામ પણ તમારી ઉપર લઈ લીધાં, એ મૂર્ખાઈ નહીં તો બીજું શું ? બળ્યો એવો સુધારો ! અરે, એક ઓરડીમાંથી કચરો કાઢવાનું જ કહી જુઓને તમારા વરને – નાકે દમ ન આવી જાય તો કહેજે મને !

મને પૂછો તો બહારનાં બધાં કામ પુરુષોને માથે જ હોવાં જોઈએ. મારું કહેવું

હમણાં ભલે ખોટું લાગે તમને, પણ તમારા વર આળસુ થતા જાય છે એની એક દિવસ બરાબર ખબર પડશે તમને. ઘરનાં તથા બહારનાં બધાં કામો બૈરી ઉપર નાખી પોતે તૈયાર ભાણે બે વાર જમવું, ચાર વાર ચા ઢીંચવી અને ફક્કડરામ થઈને ભટકવું, પાનાં રમવાં અથવા સિનેમા જોવા – આ તેમનો ધંધો !

તમારા વરો કેટલી રજા ભોગવે છે એનો ખ્યાલ છે તમને ? જરા હિસાબ તો કરો ! વરસના બાવન અરધા શનિવાર, બાવન રવિવાર, બાવીસ તહેવારો, પંદર દિવસની અમસ્તી અને દર વરસે મહિનાની હકની રજા – કેટલી થઈ, ખ્યાલ આવે છે ? રજાને દિવસે કે એણે ઑફિસમાંથી ગાબડી મારી હોય ત્યારે બૈરી જો વિચાર કરે કે, લાવો, આજે એ ઘેર છે તો છોકરાં એમને સોંપી, હું મારાં સગાંને કેટલાય દિવસથી મળી નથી તે મળી આવું. પણ એ તો ના જ પાડી દેવાના ! અને તમે મહિને ત્રણ દિવસ જે રજા પામતાં, તે રજાયે સુધારો ગણીને તમને તમારી મેળે જ ગુમાવી. આ તમારી મૂર્ખામી નહીં તો શું ? સુવાવડમાં પણ આગળપાછળ થઈને ત્રણ મહિનાની આરામ કરવાની રજા તમને મળતી અને તેય દર દોઢબે વરસે. પણ આજકાલ આ નવું ભૂત ચાલ્યું છે ને છોકરાં ન થવા દેવાનું ! એટલે એ રજા પણ તમે ગુમાવો છો. ઈશ્વરે આપેલી આ રજાઓ પણ તમારા વરો તમને લેવા દેતા નથી. દેવ નહીં, ધરમ નહીં, પાળવું નહીં, પારણું નહીં, છોકરાં ઉછેરવાની ત્રેવડ નહીં – ત્યારે આ બધા પુરુષો છે શા માટે ?

આટલું જાણે ઓછું હોય તેમ, નોકરી કરીને તમારે પૈસા કમાવા જોઈએ એવો ઉપરથી એમનો આગ્રહ, છોકરાંની ફી, પાઠ્યપુસ્તકો, મોંઘવારી વગેરે કારણો આગળ ધરીને પાછા દલીલ કરશે કે, ''નહીં તો ભણતરનો ઉપયોગ શો ? બધું ભણેલું તું ભૂલી જઈશ !'' વગેરે. અને તમે સૌ રહ્યાં કાચા કાનનાં, એટલે એયને માંડ્યાં નોકરીઓ કરવા ! આજકાલ જ્યાં જુઓ ત્યાં બધે નોકરીઓમાં તો બૈરાં જ. એટલે જ આજકાલ સૌને દરવાજે તાળાં લટકતાં હોય છે !

કહેવાની મતલબ એ કે નોકરી છોડો અને ઘર સંભાળો. આ તો મારાથી નથી રહેવાતું એટલે કહું છું.

❖❖❖

## ઝાલાવાડી સભાની માસિક પત્રિકા માટે વાચકોને ખાસ નમ્ર વિનંતી

**ઘણાં સભ્યોને પત્રિકા મળતી નથી તે બાબતની ફરિયાદ આવે છે. બધાને વિનંતી કે આમાં ઝાલાવાડી સભા તરફથી કે પ્રિન્ટીંગ પ્રેસ તરફથી કાંઈ કરી શકતા નથી. દર મહિને લગભગ ૫૦ થી ૬૦ પત્રિકા પાછી આવે છે. જે સરનામું ખોટું છે કે અધુરૂ કે રહેણાંક જગ્યાએ બંધ છે તે કારણથી પત્રિકા પાછી આવે છે. દર મહિને ૫૨૦૦ પત્રિકા પોસ્ટ કરીએ છીએ. કેટલાક પરિવારોને પત્રિકા મળતી નથી. સૌ પ્રથમ આપના નિવાસસ્થાનની નજદીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવી જરૂરી છે. પત્રિકા જો પોસ્ટમાં ન મળે તો તેઓને વેબસાઈટ : www.zalawadi.com ઉપર દર મહિનાની ૧૪ થી ૧૬ તારીખ દરમ્યાન વેવસાઈટ પર પત્રિકા મુકવામાં આવે છે.**

**પત્રિકા ન મળતી હોય અથવા એડ્રસમાં ફેરફાર કરવો હોય તો**

**સભાની ઑફિસમાં નિરવભાઈ શાહનો ૯૮૧૯૦૧૨૪૬૮ સંપર્ક કરવો.**

**સમય : ૧૨.૦૦ થી ૭.૦૦ રવિવાર તથા રજાના દિવસે તકલીફ ન આપવી.**

# શુ-લાભ દરવાજે લખો કે ના લખો છતાં આનંદનો આધાર છે ઓવારણાં ઉપર

ડૉ. શરદ ઠાકર

'કેમ છો, સર! મારી ઓળખાણ પડી કે નહીં?' એ મારા કન્સલ્ટિંગ રૂમમાં દાખલ થઈ અને મને પૂછવા લાગી. હું નામ અને ચહેરો યાદ રાખવામાં અતિશય નબળો છું, એટલે જ્યારે પણ કોઈ માણસ મને આવો સવાલ પૂછે છે, ત્યારે મારી હાલત 'પતલી' થઈ જાય છે. એક તરફ હું મારા દિમાગના કોષોને કામ પર લગાડી દઉં છું કે 'યાદ કરો! યાદ કરો! આ સામે ઊભો કે ઊભી છે એનું નામ શું છે? કામ શું છે? અને એનું ગામ કયું છે? મેરી ઈજ્જત કા સવાલ હૈ!' અને બીજી તરફ હું કૃત્રિમ હાસ્ય વેરીને મોઘમ જવાબ આપી દેતો હોઉં છું, 'હા, ઓળખાણ પડી ગઈ ને! આપણે ક્યાંક મળ્યાં છીએ.'

સામે ઊભેલી વ્યક્તિને મારો અભિનય સમજાઈ જાય છે. એ દયા ખાઈને પોતાની ઓળખાણ પોતે જ જાહેર કરી દે છે. હું બોલી ઊઠું છું, 'મને ખબર છે. તમે ન જણાવ્યું હોત તોપણ મને યાદ હતું કે તમારું નામ...' અને હું પાછો યાદ કરવા માંડું છું કે એણે હમણાં જ પોતાનું નામ શું કહ્યું હતું?

મારી સામે બે સ્ત્રીઓ ઊભેલી હતી. એક લગભગ બાવીસેક વર્ષની યુવતી હતી, જેણે મને ઉપરનો પ્રશ્ન પૂછ્યો હતો. એ સહેજ ઘઉંવર્ણી હતી, પણ એનો ચહેરો નમણો અને આકર્ષક હતો. એની આંખોમાંથી સરળતા ટપકી રહી હતી. એને જોતાંવેંત મને લાગ્યું કે મેં એને ક્યાંક અને ક્યારેક જોયેલી છે. એક કરતાં વધારે વાર હું એને મળી ચૂક્યો છું. સાવ ઉપરછલ્લી



રીતે નહીં પણ ખૂબ આત્મીયતાપૂર્વક અમારી વચ્ચે વાતો થઈ ચૂકી છે, પણ કયાં? ક્યારે? કેટલી વાર? શા માટે? સવાલો જ સવાલો હતા. દિમાગની બંધ પેટીમાં માત્ર અંધારું જ અંધારું હતું. પ્રકાશનું એક કિરણ સરખુંય કળાતું ન હતું.

હવે મેં મારું ધ્યાન એની સાથે આવેલી સ્ત્રી તરફ ખસેડ્યું. લગભગ પિસ્તાળીસ-પચાસની દેખાતી એ સ્ત્રીને જોઈને જ હું સમજી ગયો કે આ ચહેરો મારા માટે સાવ નવો છે. એને યાદ કરવાની કોશિશ કરવી તદ્દન વ્યર્થ લાગી, એટલે મેં ફરી પાછું પેલી યુવતીની સામે જોઈને પૂછી લીધું, 'ઓળખાણ કેમ ન પડે? તમે તો મારા નર્સિંગ હોમમાં આવી ગયાં છો ને ! હું ભૂલતો ન હોઉં તો... તમારી ડિલિવરી...'

એ ખડખડાટ હસી પડી. નાનાં શહેરની યુવતી જ હસી શકે તેવું નિર્દોષ અને નિખાલસ હાસ્ય હતું એનું. પછી એ બોલી ઊઠી, 'સીધેસીધું કહી શા માટે નથી દેતા કે તમને મારી ઓળખાણ પડી નખી? તમે બે વાતમાં પકડાઈ ગયા છો. એક મારે હજુ એક પણ ડિલિવરી થઈ નથી. કારણ બીજું, તમે મને 'તમે' કહીને બોલીવી રહ્યા છો. યાદ છે? તમે મને 'શાલુ...તું...' કહીને વાત કરતા હતા!'

'અરે! શાલુ, તું? શાલ્મલિ ભટ્ટ? ઓહ, ભગવાન! તને હું કેવી રીતે ભૂલી શકું? અરે, તું ઊભી છો કેમ? બેસ ને... અને... આ તારાં મમ્મી લાગે છે...! યાદ આવી ગયું. બધું જ યાદ આવી ગયું. મર્સિડીઝ કાર, સોનાનું બ્રેસ્લેટ, કાળી બિલાડી, ડાયમંડની રિંગ... બધું જ યાદ આવી ગયું.'

શાલુના ચહેરા ઉપર ઉદાસીની છાયા પથરાઈ ગઈ. એ ભીના અવાજમાં પૂછી બેઠી, 'અને બે ઠંડી રોટલી? એક ચમચી શાક? અને મસાલાવાળી ચાનો એક ગરમાગરમ કપ? એ યાદ છે કે ભૂલી ગયા તમે?' ઓહ નો! મને જે યાદ હતું અને જેને હું ટાળવા ઈચ્છતો હતો એ જ તો અત્યારે શાલુ સંભારી રહી હતી. એના આ એક જ સવાલે મારી યાદદાસ્તના બંધ પટારામાં ધરબાયેલા એક સંવેદનશીલ ઘટનાક્રમને ફરીથી તાજો કરી આપ્યો.

'શાલુ પ્રેગ્નન્ટ છે. અમે તમારી પાસે બે હેતુ સાથે આવ્યાં છીએ. તમે 'ચેકઅપ' કરીને કન્ફર્મ કરી આપો કે એને પ્રેગ્નન્સી છે કે નહીં. અને જો હોય તો સારી દવાઓ લખી આપો.' એક ઊંચો, મજબૂત, ગોરો યુવાન મને કહી રહ્યો હતો. શાલુને જિંદગીમાં પહેલી વાર મેં એની પત્નીરૂપે જોઈ હતી.

મેં બંને કામ કરી આપ્યાં. શાલુની પ્રેગ્નન્સી પાક્કી કરી આપી અને પ્રિસ્ક્રિપ્શન લખી આપ્યું. એના પતિનું નામ ગહન ભટ્ટ હતું. ગહને પાંચસો રૂપિયાની નોટ કાઢીને મારા ટેબલ ઉપર ફેંકવાની અદામાં પછાડી. મને ફિલ્મ 'દીવાર'માં અમિતાભે ઉચ્ચારેલો ડાયલૉગ યાદ આવી ગયો : 'મૈં ફેંકે હુએ પૈસે નહીં ઉઠાતા.'

પણ હું ડૉક્ટર હતો અને એક્ટર ન હતો, એટલે મજબૂર હતો. આવા ધારદાર સંવાદ મારાથી બોલી શકાય નહીં, પણ મારા ચહેરા ઉપર અણગમો અવશ્ય ઊપસી આવ્યો. મેં પૂછી લીધું, 'છુટ્ટા નથી ?'

'છુટ્ટાની જરૂર નથી, રાખી લો.' ગહને એવી અદાથી કહ્યું જે રીતે આપણે રેસ્ટોરન્ટમાં ભોજન કર્યા પછી વેઈટરને કહીએ છીએ.

'મિ. ગહન, હું ડૉક્ટર છું અને ફક્ત મારી ફી લઉં છું, ટિપ નહીં. કાં તમે મને છુટ્ટા આપો અથવા આ તમે જ રાખો.' હું ગુસ્સાથી તમતમી ઊઠ્યો હતો. ગહનનું વર્તન પળવારમાં બદલાઈ ગયું, 'અરે, સાહેબ ! તમે તો બહુ 'ટચી' માણસ નીકળ્યા ! મારા કહેવાનો અર્થ એવો હતો કે આ રૂપિયા ભલે તમારી પાસે જમા રહ્યા, અમારે તો તમારી પાસે હવે અવારનવાર આવવાનું થવાનું જ છે ને ?'

ગહન ધનવા દેખાતો હતો. એનાં પેન્ટ-શર્ટ ઓછામાં ઓછા પાંચેક હજાર રૂપિયાનાં (બ્રાન્ડેડ) લાગી રહ્યાં હતાં. વૂડલૅન્ડનાં શૂઝ, જમણા હાથની ચાર આંગળીઓમાં ઝગારા મારતી સોનાની ચાર વીંટીઓ, કાંડા ઉપર જાડી સાંકળ જેવી સોનાની લક્કી, એ લોકો મર્સિડીઝ બેન્ઝમાં બેસીને આવ્યાં હતાં એની ખબર તો મને પછીથી પડી, એમના ગયા બાદ બીજા દરદીના પતિએ કહ્યું ત્યારે.

પંદર દિવસ માંડ થયા હશે, ગહન અને શાલુ પાછાં આવ્યાં. આ વખતે શાલુને પેઢુમાં દુખાવો થતો હતો અને થોડુંક બ્લીડિંગ ચાલુ થયું હતું. આ પરિસ્થિતિ ચિંતા કરાવે તેવી હતી. મેં સોનાગ્રાફી રિપોર્ટ કઢાવ્યો. સદ્ભાગ્યે ગર્ભ હજુ સુધી જીવંત હતો.

હું કોઈ જોખમ ઉઠાવવા તૈયાર ન હતો. મેં કહી દીધું, 'શાલુબહેન, મારે તમને 'એડ્મિટ' કરવાં પડશે. સંપૂર્ણ આરામ. હળવો, સુપાચ્ય ખોરાક અને ઠંડકનાં ઈન્જેક્શનો તથા ગોળીઓ. બે દિવસમાં બ્લીડિંગ બંધ થી જાય એટલે ઘરે જવાની છૂટ,'

'ધારો કે બ્લીડિંગ બંધ ન થયું તો ?' શાલુએ પૂછ્યું.

'જો એવું થાય તો ગર્ભ મરી જાય, એ પછી આપણે ક્યુરેટિંગ કરીને ગર્ભ કાઢી નાખવો પડે.' શાલુ ડરી ગઈ. એ કોઈ પણ હિસાબે એના અને ગહનના પ્રેમના ફળને જાળવી રાખવા માગતી હતી. એ તરત જ વૉર્ડમાં દાખલ થઈ ગઈ.

ગહને સોનાની લક્કી ઉપર હાથ પસવારતાં પૂછી લીધું, 'દસેક હજાર રૂપિયા જમા કરાવી દઉં ? પછી હું અહીં આવું-ન આવું, તોપણ તમારે ચિંતા ન રહે.'

'મારી ચિંતાની ચિંતા તમારે નથી કરવાની. તમે શાલુબહેનનું ધ્યાન રાખો. અહીં જ રહો અને એની પાસે બેસીને પ્રેમથી એના માથા પર હાથ ફેરવો. સાંજ સુધીમાં એનું બ્લીડિંગ કાબૂમાં આવી જશે.'

'એનું બ્લીડિંગ તો કાબૂમાં આવી જશે, પણ મારો ધંધો ચોપટ થઈ જશે એનું શું, ડૉક્ટર સાહેબ ? જો હું ઘરે ન જાઉં તો મારી બ્લેક કેટ અનાજનો કણ પણ મોઢામાં નહીં મૂકે. હું ઘરે જાઉં છું. લંચ પતાવીને એક વાગતાં સુધીમાં પાછો આવું છું. શાલુ માટે ટિફિન લેતો આવીશ.'

શાલુને સ્પેશિયલ રૂમમાં એકલી છોડીને ગહન ગયો. એક વાગ્યો. બે વાગ્યા. અઢી અને પછી ત્રણ. ગહન પાછો ન દેખાયો. પાંચ વાગવા આવ્યા. મારાં કર્મચારી બહેને મારું ધ્યાન દોર્યું, 'સાહેબ, શાલુબહેનનું ટિફિન હજુ સુધી આવ્યું નથી. એમને ભૂખ લાગી છે. હું દુકાનમાંથી બિસ્કિટ લઈ આવું ?'

હું ચોંકી ગયો. રૂપિયાની ગડીઓ ફેંકવામાં જે જિંદગીનું સાર્થક્ય સમજતો ધનવાન પતિ પોતાની પત્નીને આટલી હદ સુધી 'નિગ્લેટ' કરી શકે ખરો ? મેં રૂમમાં જઈને શાલુને પૂછ્યું, 'બહેન, મારા ઘરેથી ભોજન મંગાવી આપું ? મને ખબર નથી અત્યારે કંઈ વધ્યું હશે કે નહીં, પણ...' લીલાબહેન દોડીને ઉપર ગયાં, બે ઠંડી રોટલીઓ અને એક ચમચો શાક લઈને પાછાં આવ્યાં. બાને ખબર પડી એટલે થોડી વારે ચા બનાવીને મોકલી આપી. સાથે પ્રશ્ન પણ, 'વધારે ભૂખ લાગી હોય તો ગરમ ગરમ કંઈક બનાવી આપું ?'

શાલુ સંકોચની મારી 'ના ના' કરતી રહી. મેં જરાક દાદાગીરી દર્શાવી તો એ રડી પડી. મારે કૂણા થઈ જઈને કહેવું પડ્યું, 'બહેન, તમે જમવાની ના ન પાડો. એવું સમજો કે હું તમારો ભાઈ છું. તમે પિયરમાં આવ્યો છો. પછી તમને સંકોચ નહીં થાય.'

'મારા મોટા ભાઈ હોય તે મને 'તમે' કહીને ન બોલાવે.' એ રડતી હતી. મેં ભૂલ સુધારી લીધી, 'શાલુ, બહેન ! જમી લે.' અને એ હસી પડી. જમવા માંડી. પછી એણે એની વ્યથાની પોટલી ખુલ્લી મૂકી દીધી. ખેડાના મધ્યમવર્ગીય માબાપની એ સંસ્કારી દીકરી. ન્યાતનું સુખી ઘર જોઈને ગહન સાથે એને પરણાવી દેવામાં આવી. ગહનને માત્ર પૈસા કમાવામાં જ રસ હતો. પત્ની જીવે છે કે મરે છે એની પરવા ન હતી. બે દિવસ સુધી એ શાલુને જોવા પણ ન આવ્યો. મેં તો શાલુને સારું થઈ ગયું એટલે રજા આપી દીધી. પછી તેઓ ક્યારેય દેખાયાં નહીં. આજે આટલા મહિનાઓ પછી શાલુ પાછી આવી હતી.

'સર, અહીંથી ગયા પછી મેં નિર્ણય લઈ લીધો હતો. હું પિયર ચાલી ગઈ અને વકીલ દ્વારા નોટિસ મોકલાવી લીધી. અમારા

છૂટાછેડા થઈ ગયા. મેં ગર્ભપાત કરાવી લીધો. આવા દાનવના અંશને જન્મ આપીને શો ફાયદો ? હું હવે સારું ઘર નહીં, પણ સારો વર જોઈને લગ્ન કરવાનું નક્કી કરી ચૂકી છું. પણ એ પહેલાં તમારું કરજ ચૂકવવા માટે આવી છું.'

મેં પૂછ્યું, 'મારું કરજ ?' એ વળી શાલુની આંખોમાં પ્રેમ છલકાયો, 'ભાઈ, મારા પેટમાં તમારા ઘરનું અન્ન પડ્યું છે. ભગવાન તમને એનો બદલો જરૂર આપશે. બસ, આટલું જ કહેવા આવી છું.' એ બોલવા માગતી હતી,પણ બોલીશકતી ન હતી. મારી પણ એવી જ હાલત હતી. લાગણી નામની સુપ્રીમકોર્ટે અમારા બંનેના અવાજો ઉપર આંસુ નામનો 'સ્ટે ઑર્ડર' ફરમાવી દીધો હતો.

(સત્યઘટના, એ પછી શાલુને મેં જોઈ નથી.)

❖❖❖

## શિક્ષક અને બાપ

મારા છોકરાને ભણાવવા એક શિક્ષક આવતા હતા. એક દિવસ એ કહે : ''તમે પગાર નહીં વધારો, તો કાલથી હું ભણાવવા નહીં આવું.''

બીજે દિવસે એ ન આવ્યા, એટલે છોકરો પૂછવા લાગ્યો કે શિક્ષક કેમ ન આવ્યા ? મેં કહ્યું, એ આજથી હડતાલ પર ઊતર્યા છે.

છોકરો તો પહોંચ્યો શિક્ષકને ઘેર, અને પાછો આવીને મને કહેવા લાગ્યો કેસ ''કાં ? તમે કહેતા હતા ને શિક્ષક હડતાલ પર ઊતર્યા છે ? પણ એ તો એના છોકરાને ભણાવતા હતા ! તો પછી મને કેમ નથઈ ભણાવતા ?''

શિક્ષક હડતાલ પાડી શકે છે, બાપ હડતાલ નથી પાડી શકતો.

બીજાઓની હડતાલમાં ને શિક્ષકની હડતાલમાં એ અંતર હોવું જોઈએ કે શિક્ષક કહેશે કે, હું પગાર છોડીશ -કા નહીં છોડું !

**– દાદા ધર્માધિકારી**

# ''ખોદી લે તારી મેળે !''

ઉત્તર પ્રદેશના મેરઠ જિલ્લામાં દિલ્હીથી સોળ માઈલ દૂર સેહાની નામનું ગામ છે.

બ્રહ્મોદેવી નામની નવવધૂ પરણીને સેહાનીમાં પોતાને સાસરે આવી. એના પિયરમાં તો આંગણામાં જ કૂવો હતો, પણ અહીં સેહાનીમાં બે ખેતરવા દૂર ગામને કૂવેથી પાણીની હેલ સીંચી લાવવી પડતી હતી. ઉમંગભરી નવોઢાને ઘરના કૂવાની ખોટ સાલી અને રાતે પિયુની પાસે એણે વાત મૂકી : ''આપણા ફળિયામાં જ એક કૂવો હોય તો કેવું સારું !''

''તું કાંઈ ગામમાં નવીનવાઈની નથી આવી,'' પતિએ કહી દીધું. ''કૂવાની તારે એટલી બધી જરૂર હોય તો, ખોદી લે તારી મેળે !''

એ વેણ બ્રહ્મોદેવીના હૈયામાં કોતરાઈ ગયાં. વળતી સવારે પાણી ભરવા જતાં પોતાની પાડોશણો પરમાલી, શિવદેઈ અને ચંદ્રાવતી સાથે એણે વાત કરી. અને ચારેય સહિયરોએ મળીને એક યોજના ઘડી કાઢી.

એક સવારે, ચારેયના ધણી પોતપોતાની ખેતરે ગયા પછી, એ પાડોશણોએ ગામના ગોરને તેડાવ્યો, સારું મૂરત જોવરાવ્યું ને... પોતાના ઘરની લગોલગ એક કૂવો ખોદવા માંડ્યો. ઘરના આદમી સાંજે ખેતરેથી પાછા ફર્યા ત્યારે ફળિયામાં આઠ ફૂટ ઊંડો ખાડો જોઈને અજાયબ થઈ ગયા. તે છતાં મોઢેથી તો એટલું જ બોલ્યા કે, ''અરે, આ તે કાંઈ બાયડિયુંનાં કામ છે ? આફૂરડી થાકીને પડતું મેલશે !''

પણ ખાડો તો દિવસે દિવસે ઊંડો થતો ગયો. ચારેય બાઈઓને કૂવાની ધૂન એવી લાગી ગઈ હતી કે રોજ ઊઠીને ઊંધે માથે ખોદ્યે જ જતી હતી. બે જણિયું અંદર ઊતરીને ખોદે, તો બીજી બે માટીના સૂંડલા બહાર ઠાલવી આવે.



પછી તો અડખેપડખેનાં છોકરાંઓ ને બીજી થોડી બાઈઓને પણ ચાનક ચડી.... ફક્ત ગામના મૂછાળા મરદો જ હાંસી કરતા અળગા રહ્યા.

મૂરત કર્યા પછીના વીસમા દિવસે બ્રહ્મોદેવી ને શિવદેઈ ખાડાને તળિયે ઊભી ઊભી તીકમ ચલાવી રહી હતી, ત્યાં એમના પગ તળેથી શીતલ જળની સરવાણી ફૂટી. એમ વાતમાં ને વાતમાં આખો કૂવો ખોદાઈ ગયો. ટાબરિયાંઓએ કિકિયાટા કર્યા. ગામની સ્ત્રીઓએ હરખનાં ગીતો ગાયાં. હવે તો પુરુષોએ પણ તારીફ કરી. આખા ગામમાં આનંદની લહરી ફરી વળી. પંચાયત ભેગી થઈ ને તેણે કૂવા પર પથ્થર-સિમેન્ટનું પાકું મંડાણ મુકાવવાનો ખર્ચ મંજૂર કર્યો.

આપણું સૌભાગ્ય છે કે બ્રહ્મોદેવી અને તેની આવી સહિયરો ગામેગામ પડેલી છે. ''ખોદી લે તારી મેળે !'' કહીને કોઈ વાર એને ચાનક ચડાવી જોજો !

❖❖❖

# સુખ સતાવે છે !

વર્ષા પટેલ



હમણાં મારે ઈઝરાયલમાં મહિનોએક રહેવાનું થયું. ત્યાં એક કિબુત્ઝમાં અમે રહેતાં હતાં. કિબુત્ઝ એટલે સહકારી ગામ. ત્યાં ગામના બધા લોકો એક રસોડે જમે. ગામ આખાની આવક સહિયારી, તો ખર્ચ પણ સહિયારું. દરેકને પોતાની મહેનતના પ્રમાણમાં દામ મળે, એવી અસમાનતા પણ નહીં. કારણ કે મહેનત કરવાની શક્તિ બધાંમાં એકસરખી નથી હોતી. દરેક વ્યક્તિની જરૂરિયાત અને ગામની શક્તિ, એ બેયનો મેળ બેસાડીને ત્યાં સૌને સગવડો આપવામાં આવે છે.

ગામમાં સારાહ નામની મારે એક બહેનપણી. એના પતિનું નામ ઈઝી. એ ભાઈ કૉલેજના છેલ્લા વરસમાં અભ્યાસ કરે. ગામથી ૪૦ કિલોમીટર દૂર તેલ-અવીવ શહેરમાં રોજ ભણવા જાય.

એક દિવસ મેં સારાહને સહેજે પૂછ્યું, ''ઈઝીને ભણવાનું ખર્ચ તો ગામ તરફથી મળતું હશે ને ?''

સારાહ કહે, ''ના, મારા સસરા અમેરિકા છે; ઈઝીના અભ્યાસ માટે એ ત્યાંથી પૈસા મોકલે છે.''

મને જરા નવાઈ લાગી : ''કિબુત્ઝમાં તો માણસનો બધો ખર્ચ ગામ જ ભોગવતું હોય છેને ?''

સારાહે સમજાવ્યું કે, ''ગામમાંથી આઠેક જણ ભણવા જાય છે. હાઈસ્કૂલ સુધીના અભ્યાસ માટેની બધી સગવડ સૌને ગામ તરફથી મળે છે. ઉચ્ચ શિક્ષણ માટેનો ખર્ચ પણ ગામ ભોગવે. પરંતુ એવા શિક્ષણ માટેનો ખર્ચ ગામ જેટલાં વરસ ભોગવે, તેનાથી ત્રણ ગણાં વરસ એ વિદ્યાર્થીએ ગામના સભ્ય તરીકે રહેવું પડે, એટલી શરત હોય છે. જો એવું ન હોય તો પછી લોકો ગામને ખરચે ઉચ્ચ શિક્ષણ લે અને પછી ગામ છોડીને પોતાને જ્યાં વધુ લાભ મળે ત્યાં જતા રહે, એવું બને.''

મેં કહ્યું, ''તો ઈઝીનો અભ્યાસ પૂરો થાય પછી આ ગામ છોડીને બીજે જવાનો તમારો વિચાર હશે, એટલે તમે શિક્ષણ-સહાય નથી લેતાં.''

સારાહ કહે, ''હજી એ નક્કી નથી; કદાચ ગામ છોડીએ પણ ખરાં.''

''બહાર વધુ આવક મળતી હોય તો આવો વિચાર આવે તે સ્વાભાવિક છે,'' હું બોલી.

સારાહે ખુલાસો કરતાં કહ્યું, ''અહીં કિબુત્ઝમાં અમને કોઈ કમી નથી. ખાવાપીવાના ભર્યા ભંડાર છે. હાથખરચીની સારી એવી રકમ મળે છે. વળી અમને જ બહુ પૈસા કમાવાની હોંશ નથી. નહીંતર મારા સસરા અમેરિકામાં પોતાના ઉદ્યોગમાં જોડાવા બોલાવ્યા જ કરે છે, ત્યાં જ ન જઈએ ?''

''તો પછી અહીં દિલ નહીં ચોંટતું હોય, એટલે ગામ છોડવાનો વિચાર આવતો હશે ?''

સારાહ કહે, ''એક રીતે એમ કહી શકાય ખરું. બાકી, મારો તો જન્મ જ આ ગામમાં થયેલો. મારાં માબાપ અને ભાઈઓ પણ ગામમાં જ છે. ઈઝીને ચાહનારા અનેક મિત્રો છે. અહીંનું વાતાવરણ મને ખૂબ ગમે છે. એ રીતે જુઓ તો અમે અહીં બધી વાતે સુખી છીએ. પણ, બહેન, ઈઝીને સુખ સતાવે છે ! અહીંનું સુખ તે સહી શકતો નથી.''

''સુખ સહી ન શકાય, એવું તે હોતું હશે ?''

મારા એ પ્રશ્નના જવાબમાં સારાહ બોલી, ''અમારું આ સુખ આખા રાષ્ટ્રનું સુખ બની રહે, એવું ઈઝીને લાગતું નથી. આમ તો ઈઝરાયલમાં સહકારી ગામ વસાવવાનું ૭૦ વરસથી ચાલે છે. એવાં મોટા ભાગનાં ગામ ભૂમધ્ય સમુદ્રને કિનારે ખડાં થયાં છે. એમાં યહૂદીઓ જ રહે છે. એમના પુરુષાર્થને લીધે આ બધાં કિબુત્ઝ નંદનવન શાં બન્યા છે. પણ આરબો ઈઝરાયલના રણપ્રદેશમાં વસેલા છે. એમનાં સહકારી ગામડાં નથી. ત્યાં રણવિસ્તારમાં પાણી, વીજળી, રસ્તાની સગવડ નથી. ત્યાં છે ફક્ત આરવો. અને અહીં કિબુત્ઝમાં છે એકલા યહૂદીઓ. ઈઝરાયલ જાણે કે બે ટુકડામાં વહેંચાઈ ગયું છે. જ્યાં મુખ્યત્વે આરબોની જ વસતી છે એવા વિસ્તારના લોકોમાં પોતાનું સ્વતંત્ર રાજ્ય સ્થાપવાની ભાવના ફેલાતી જાય છે. એને રોકવી હોય, ઈઝરાયલની એકતા-અખંડિતતા ટકાવી રાખવી હોય, તો ઈઝી કહે છે કે યહૂદીઓએ જઈને આરબોના વિસ્તારમાં વસવાટ કરવો જોઈએ. એમની સાથે મળીને ત્યાં પણ સુખસગવડ માટે પુરુષાર્થ કરવો જોઈએ. દેશની એકતા માટે અમારા જેવા કેટલાકે સ્વેચ્છાએ પોતાનાં સુખ છોડવાં પડશે. માટે ઈઝી અને તેના થોડા મિત્રો રણવિસ્તારમાં જઈ નવું કિબુત્ઝ રચવાનું વિચારે છે.''

❖❖❖

# શિખરો સર કરવાની તાલાવેલી

ભૂપત વડોદરિયા

પરીક્ષામાં પહેલો-બીજો નંબર નહીં આવતાં ભાવનગરના એક કિશોર અને કિશોરીએ ઝેર ગટગટાવી લીધું. આત્મહત્યાનો એ પ્રયાસ નિષ્ફળ નીવડ્યો, તે સારી વાત છે. પણ પરીક્ષામાં પહેલો નંબર ના આવે તેની નિરાશાનું ઝેર ખેલકૂદની જિંદગીને આટલી હદે ઘેરી વળે છે, તે બીના માબાપોએ અને શિક્ષકોએ વિચારવા જેવી તો ખરી. અભ્યાસ કરવાની ઉંમરે બાળકો અભ્યાસમાં પોતાનું ચિત્ત જોડે, તે બરાબર છે. પણ શાળા-કૉલેજની કિતાબી મજૂરી અને પરીક્ષાખંડનો એકલિયો જંગ એ જ જિંદગીની પરમ સાર્થકતા, તેવું બાળકોનાં મનમાં આપણે ઠસાવી તો નથી રહ્યાને ? વિદ્યાની પ્રાપ્તિ એ મોટી વસ્તુ છે; પણ માહિતીનો સંગ્રહ અને પરીક્ષાના અભિમન્યુ-ચક્રને પાર પાડવાનું કૌશલ, એ બહુ મોટી વસ્તુ નથી.

બાળકો, કિશોરો અને જુવાનોને આપણે જીવનનાં સાચાં મૂલ્યોનું થોડુંક ભાન કરાવીએ તે જરૂરી છે. આપણે બાળકોને સમજાવવાની જરૂર છે કે શાળા અગર કૉલેજમાં નિયમિત હાજરી, અંધાધૂંધ ગોખણપટ્ટી અને પરીક્ષામાં ઊંચી પાયરીની પ્રાપ્તિ, એ વિદ્યાનો મર્મ નથી અને એ જીવનની સાર્થકતા પણ નથી. શાળા કે કૉલેજ છોડતાંની સાથે અભ્યાસ પૂરો કર્યાની લાગણી જે પેદા કરે તે કેળવણી ખોટી છે. શાળા-કૉલેજની તાલીમ જો વિદ્યાનાં ગિરિશૃંગો સર કરવાની સાહસિકતા અને તાલાવેલી જગાડે, તો સાચી કેળવણી.

આપણાં બાળકો પરીક્ષામાં આગળનો નંબર સિદ્ધ કરે તેનાથી આપણે પોરસ અનુભવીએ છીએ, અને તેની આગળ ઉપરની જિંદગીની સફળતાની આ ગેરંટી હોય તેવા ભ્રમમાં રાચીએ છીએ. સાચી વાત એ છે કે શાળા-કૉલેજની તેજસ્વિતાને પુખ્ત જીવનની સફળતા-નિષ્ફળતાઓ સાથે ઝાઝી લેવાદેવા હોતી નથી. આંકડા ને માહિતીનાં ભૂંગળાંનાં ભૂંગળાં જાદુગરની અદાથી ગળામાં ઉતારી ગયેલો વિદ્યાર્થી જીવનના ખરેખરા જંગ વખતે આમાંથી કશું ઉપયોગમાં લઈ ના શકે, તેવું બને છે. યુદ્ધનું વિજ્ઞાન કોઈ કિતાબમાંથી ગમે તેટલું કાગળ ઉપર ઉતારે, પણ ખરેખર લડવાનું આવે ત્યારે તેમાંથી કેટલું ખપમાં આવવાનું ? લડાઈ જીતવા માટે તો હિંમત, ધૈર્ય, શૌર્ય અને ઠંડી તાકાત જોઈએ. જે લોકો મોટાં યુદ્ધો જીત્યા છે, તે બધા યુદ્ધશાસ્ત્રના પોથીપંડિતો નહોતા. પોથીપંડિતો જ બધું કરતા હોત, તો અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકો જ મોટા ઉદ્યોગપતિ બની જતા હોત, અને કૉલેજમાં કાલિદાસનું 'શાકુંતલ' ભણાવનારાઓ પોતે જ મહાકાવ્યો રચતા હોત. અધ્યાપનનું કાર્ય કરનારાઓની આ ટીકા નથઈ. પાઠ્યપુસ્તકો પર આધારિત શિક્ષણની મર્યાદા અને જીવનના ઘૂઘવતા મહાસાગરની અસીમતા સમજવાની વાત છે.

નોબેલ ઈનામ જીતી શકવા જેટલું પ્રાણવાન અંગ્રેજી ગદ્ય લખનારા અને યુદ્ધ જીતવા જેટલા સમર્થ બનનારા બ્રિટિશ વડા પ્રધાન ચર્ચિલ ભણવામાં 'ઢ' હતા; વર્ગમાં એ છેલ્લી પાટલી પર બેસતા. વડા પ્રધાન થયા પછી પોતાની બાળપણની શાળાની મુલાકાતે એ ગયા, ત્યારે શિક્ષકે હોંશેહોંશે પહેલી પાટલી પર બેઠેલા હોશિયાર વિદ્યાર્થીને ઊભો કર્યો. પણ ચર્ચિલની નજર તો છેલ્લી પાટલી પર હતી. ત્યાં બેઠેલા વિદ્યાર્થીને ઊભો કરીને ચર્ચિલે કહ્યું કે, હિંમત હારીશ નહીં; હું પણ એક વાર તારી જગ્યાએ જ બેસતો હતો !

બધા ઠોઠ વિદ્યાર્થીઓ કાંઈ મહાન બનતા નથી, તેમ બધા તેજસ્વી વિદ્યાર્થીઓ નિષ્ફળ પણ જતા નથી. મુદ્દો એટલો જ છે કે શાળા-કૉલેજની સફળતાની મર્યાદા સમજી લઈએ.

મહાત્મા ગાંધી ભણવામાં હોશિયાર નહોતા, પણ પોતાનું ઘડતર જાતે કરવાની ત્રેવડ એમણે મેળવી લીધેલી હતી. શાળા કે કૉલેજમાં તમે શું કરો છો તેના કરતાં પણ આ વાત વધુ મહત્ત્વની છે : તમારી અંદર પડેલી શક્તિઓને પિછાનવી, જગાડવી, તેના ભંડાર ખોલવા અને તેમાં ખૂટતાં તત્ત્વ પૂરવાં.

બૌદ્ધિક વિકાસ, કમાણીનું સાધન, સામાજિક દરજ્જાની પ્રાપ્તિ, એ બધાંની ભેળસેળ આપણે કરી નાખી છે. ભણતર અને ડિગ્રીની પ્રાપ્તિ, એ જાણે તમામ સુખોનો આરંભ હોય તેવું સમજી બેઠા છીએ. આથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો બધા એકીસાથે નિરાશ થાય છે.

જેમણે સાહિત્યમાં નામ મેળવ્યું, વિજ્ઞાનની નવી શોધો કરી, ઉદ્યોગો સ્થાપ્યા, એ બધા લોકો ભણવામાં અચૂક હોશિયાર નહોતા. કેટલાક જરૂર ભણવામાં પણ હોશિયાર હશે, પરંતુ તેમની સિદ્ધિની સગાઈ તેમના ભણતર સાથે જ નહોતી. તેમની સફળતાના પાયામાં તેમની હૈયાઉકલત, તેમનો ઉદ્યમ, તેમની લગન અને તેમનું ધૈર્ય હતું.

શાળામાં કે કૉલેજમાં તમે કેટલી માહિતી કંઠસ્થ કરી તેનું ખાસ મૂલ્ય નથી - તમારી ગ્રહણશક્તિ, સમજણશક્તિ અને જ્ઞાનની પિપાસાને તમે કેટલી તીવ્ર બનાવી, તે મહત્ત્વની વાત છે. જીવનને સમજવાની અને માણવાની સંવેદનશક્તિ આપે તે શિક્ષણ. તમારી અંદર જે પડેલું છે તેને બહેલાવે એ શિક્ષણ.

❖❖❖

**ઝાલાવાડી સભા ચૅરિટેબલ ફાઉન્ડેશન**
**શૈક્ષણિક ઉત્કર્ષ યોજનામાં તા. ૨૫-૦૪-૨૦૨૫ પછી મળેલ રકમની વિગત**

| | |
|---|---|
| **શ્રી ગંભીરચંદ ઉમેદચંદ શાહ પરિવાર** | **૩૦,૦૦,૦૦૦/-** |
| **શ્રી રાજેશભાઈ ચીમનલાલ શાહ પરિવાર** | **૧,૦૦,૦૦૦/-** |

## સાભાર સ્વીકાર

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા**

જોરાવરનગર નિવાસી (હાલ - મલાડ) ચિ. વિપુલ શશીકાંત ગોસલીયાના એકાસણે વરસીતપ પૂર્ણાહુતિ નિમિતે

| | |
|---|---|
| શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ | રૂા. ૫૦૦૦/- |
| સ્વધર્મી સન્માન યોજના રાહતફંડ | રૂા. ૫૦૦૦/- |
| પાણી પરબ ફંડ | રૂા. ૫૦૦૦/- |
| | **કુલ રૂા. ૧૫૦૦૦/-** |

**ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન**

બોટાદ નિવાસી (હાલ - વિલેપારલા) સ્વ. પ્રવિણચંદ્ર ચુનીલાલ ગોપાણીના આત્મશ્રેયાર્થે હ. માતુશ્રી યશોમતીબેન પ્રવિણચંદ્ર ગોપાણી, શ્રીમતી રૂપા નિલેશ ગોપાણી, શ્રીમતી અલ્પા યોગેશ ગોપાણી

| | |
|---|---|
| શ્રી સી.યુ. શાહ તબીબી રાહત ફંડ | રૂા. ૩૦૦૦/- |
| શ્રી પાણી પરબ ફંડ | રૂા. ૩૦૦૦/- |
| શ્રીમતી કંચનબેન વૃજલાલ શેઠ નોટબુક યોજના | રૂા. ૩૦૦૦/- |
| શ્રી રાહત ફંડ | રૂા. ૩૦૦૦/- |
| | **કુલ રૂા. ૧૨૦૦૦/-** |

બરવાળા ઘેલા શાહ નિવાસી (હાલ - બોરીવલી) શ્રી હિમાંશુ જીતેન્દ્રભાઈ દોશીના સુપુત્ર ડૉ. સમિત ના ગોળધાણા પ્રસંગે

સ્વધર્મી સન્માન યોજના ફંડ રૂા. ૧૧૧૧/-

લાકડીયા નિવાસી (હાલ - દાદર) શ્રી કિશોરભાઈ રામજી કરશન ગાલાની સુપુત્રી ચિ. ડો. રાજવીના ગોળધાણા પ્રસંગે

સ્વધર્મી સન્માન યોજના ફંડ રૂા. ૧૧૧૧/-

### મહત્ત્વની સૂચના

સર્વે સભ્યોને જણાવવાનું કે ઝાલાવાડી સભાનો તમામ આર્થિક વ્યવહાર – ખાસ કરીને ડોનેશન તથા જાહેરાતોનો વ્યવહાર માત્ર ચેક અથવા ડ્રાફ્ટથી કરવાનો રહેશે.

## વેવિશાળ

| | વરપક્ષ | કન્યા પક્ષ |
|---|---|---|
| **હર્ષ — મયુરી** | | |
| શ્રી જયેશભાઈ જયસુખલાલ કોઠારીના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - મીરારોડ) | | |
| શ્રી સુબોધભાઈ પંઢરીનાથ ઠાકુરની સુપુત્રી મુંબઈ નિવાસી (હાલ - મલાડ) | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **પાર્થ — જીલ** | | |
| શ્રી હિમાંશુભાઈ કાંતિલાલ સંઘવીના સુપુત્ર વઢવાણ શહેર નિવાસી (હાલ - મુલુન્ડ) | | |
| શ્રી વિજયભાઈ શાંતિલાલ શાહની સુપુત્રી છાપરીવાલા નિવાસી (હાલ - અંધેરી) | ૧૧૧૦ | ૧૧૧૦ |
| **પાર્થકુમાર — ભાવી** | | |
| શ્રી ભાવેશભાઈ રસીકલાલ સંઘવીના સુપુત્ર ધાંગધ્રા નિવાસી (હાલ - કાંદીવલી) | | |
| શ્રી ભરતભાઈ વિનયચંદ્ર દોશીની સુપુત્રી વઢવાણ સીટી નિવાસી (હાલ - વિલેપાર્લા) | ૧૦૧૦ | ૧૦૧૦ |
| **યશ — નિધી** | | |
| શ્રી કેતનભાઈ નવીનચંદ્ર કામદારના સુપુત્ર વઢવાણ નિવાસી (હાલ - ઘાટકોપર) | | |
| શ્રી ડિલેશભાઈ દામજીભાઈ ગાલાની સુપુત્રી મોટાલાઈજા નિવાસી (હાલ - મુલુન્ડ) | ૧૦૦૦ | ૧૦૦૦ |
| **વસ્તલ — કિંજલ** | | |
| શ્રી તેજસભાઈ જીતેન્દ્રભાઈ શાહના સુપુત્ર દિગ્સર નિવાસી (હાલ - કાંદિવલી (ઈસ્ટ) | | |
| શ્રી દિપકભાઈ નવનીતલાલ શાહની સુપુત્રી નડીયાદ નિવાસી (હાલ - વિલેપારલા (વેસ્ટ) | ૬૦૧ | ૬૦૧ |
| **કુણાલ — નિયતી** | | |
| શ્રી કેતન નગીનદાસ શાહના સુપુત્ર ખોડુ (વઢવાણ) નિવાસી (હાલ - કાંદિવલી) | | |
| શ્રી દિલીપભાઈ હરગોવિંદદાસ પરમારની સુપુત્રી રામોદ નિવાસી (હાલ-મુંબઈ) ચીરાબજાર | ૨૫૦ | ૨૫૦ |

**શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા • ઝાલાવાડી સભા ચેરીટેબલ ફાઉન્ડેશન**

**સંચાલિત**

## શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – લોનાવલા સેનેટોરીયમને

# રૂા. અગીયાર લાખનું માતબર અનુદાન



**પ્રતિમાબેન દીલીપભાઈ પારેખ (સાયન) તથા**

**(બોટાદ નિવાસી સ્વ. લીલાબેન જયંતીલાલ શાહની સુપુત્રી દ્વારા)**

**અ.સૌ. શીમુલબેન વિશાલભાઈ પારેખ પરિવાર દ્વારા લોનાવલા સેનેટોરીયમ ગોલ્ડન વિંગ – નૉર્થ સુપર ડિલક્સ નામ તેમના સ્વજનોના સ્મરણાર્થે**







**સ્વ. દીલીપભાઈ કેશવલાલ પારેખ** **સ્વ. વિશાલ દીલીપભાઈ પારેખ**

**સ્વ. જયાબેન કેશવલાલ પારેખના સ્મરણાર્થે**

**(મુળવતન – વડીયા • હાલ – સાયન)**

ખૂબ ખૂબ ધન્યવાદ પ્રતિમાબેન આપે માદરે વતન બોટાદ ને યાદ કરીને
શ્રી ઝાલાવાડી સભા સંચાલીત લોનાવલા સેનેટોરીયમને યાદ કરી રૂા. ૧૧ લાખનું
માતબર અનુદાન આપી આપણું ઝાલાવાડ -સમૃદ્ધ ઝાલાવાડની યાદ તાજી કરી
તે બદલ આપના પરિવારનો આભાર.... અનુમોદના અનુમોદના

**સહૃદય વંદનથી, શ્રધ્ધાના સુમન અર્પણ કરે છે**

**પુત્ર: પ્રશાંતભાઈ પ્રવિણભાઈ વોરા** **પુત્રવધૂ: પૂજાબેન પ્રશાંતભાઈ વોરા**

**D. P. Steel Traders • V. K. Fabricators**

**BIO-DATA**

II SHREE MAHAVIRAY NAMAH II



# Vaibhav Divyesh Shah

## PERSONAL DETAILS :

Birth Date : 5th September, 1996
(12:20 PM) (Dombivali)

Height : 5'6"

Qualification : Company Secretary (CS), LLB & B.Com

Job Profile : JSW Steel Ltd (Mumbai)
(Assistant Manager
- Compliance & Secreterial)

College : R A Podar College

Native Place : Wadhwan (Surendranagar)

Family : Nathabhawan Kutumb

Religion : Zalawadi Visha Shrimali Sthanakvasi Jain

Residential Address : 9/10 Dhiraj Appt, Oghadbhai Lane,
M G Road, Ghatkopar (East).
Mumbai 400077.

## INTERESTS :



Photography



Music



Movies

## PATERNAL DETAILS :

Father : Divyesh Dinkerlal Shah (9757028972)

Mother : Neha Divyesh Shah (9757009650)
(Licensed Acupuncture Therapist)

Grandparents : Late Dinkerlal Mansukhlal Shah
Late Sarojben Dinkerlal Shah

Uncle & Aunty : Chetan D Shah (9969705518)
Late Alka Chetan Shah

Late Tushar D Shah
Chhaya Tushar Shah(9987381425)

Siblings : No

Cousins : Nidhi Viral Motani (Chembur)
Rumy Vaibhav Shah (Mulund)
Prachi Chintan Shah (Tilaknagar)
Bhavya Tushar Shah

Father's Business : Dinesh Enterprise
(Dealer of Office and School
Furniture)
Pydhonie Mumbai 400003.

## MATERNAL DETAILS :

Grandparents : Late Dr Pankajbhai Mohanlal Gandhi
Deviben Pankajbhai Gandhi (Latuda -katuda)

Mama - Mami : Vipul P Gandhi (9702047999)
Jayshree Vipul Gandhi

Masa - Masi : Atul C Shah
Trupti Atul Shah (8850582613)

Advt.

**BIO-DATA**

# Dr. Bhoomi Bagadia



## PERSONAL DETAILS

**DATE OF BIRTH:** 09th September 2000

**TIME & PLACE OF BIRTH:** 07:08am, Mumbai

**HEIGHT:** 5'1"

**PROFESSION:** MBBS Doctor

**EDUCATION:** MBBS – Jawaharlal Nehru Medical College (JNMC), Belgaum, India

**ABOUT ME:** Completed MBBS from India. Cleared USMLE Step 1 and Step 2. Preparing for residency in the U.S. and starting clinical observerships at top pediatric hospitals.

**HOBBIES & INTERESTS:** Baking, Watching Movies, and Travel

**CONTACT:** +918369290547

**EMAIL:** bhoomibagadia0909@gmail.com

**INSTAGRAM:** @bhoomibagadia

## FAMILY DETAILS

**NATIVE PLACE:** Surendranagar

**RELIGION:** Jalawadi Vishashrimali Murtipujak Jain

**FATHER:** Chirag Pranlal Bagadia

**PROFESSION:** Businessman - Import and Export of Diamonds at Drashti Gems. Offices at BKC and Hong Kong

**CONTACT:** +91 9821024642

**MOTHER:** Bhavya Chirag Bagadia

**PROFESSION:** Homemaker

**CONTACT:** +91 9870174642

**SISTER:** Drashti Doshi

**PROFESSION:** Senior Private Equity Tax Consultant at KPMG, NYC

**BROTHER-IN-LAW:** Krutang Vipul Doshi

**PROFESSION:** Businessman - Import and Export of Diamonds in Mumbai and USA

**RESIDENCE:** 103/104 - Mahagiri, Ashok Nagar, Kandivali (E), Mumbai - 400101

## PATERNAL FAMILY

**GRANDFATHER:** Late Shri Pranlal Narandas Bagadia

**GRANDMOTHER:** Late Smt Lilavati Pranlal Bagadia

**UNCLES & AUNTS:** Vipul Pranlal Bagadia, Kandivali (E)
Bhartiben Harshadkumar Dagli, Ahmedabad
Alkaben Kirankumar Vora, Botad

## MATERNAL FAMILY

**GRANDFATHER:** Late Shri Rameshchandra Himmatlal Ajmera (Vinchiya)

**GRANDMOTHER:** Neena Rameshchandra Ajmera

**UNCLES & AUNTS:** Shrenik Ajmera, Long Island, NY
Siddharth Ajmera, Malad (W)
Vaishali Gautamkumar Kamdar, Singapore
Sweta Manishkumar Mehta, Mulund (W)


Advt.

# BIO-DATA



| | | |
|---|---|---|
| Name | : | UTSAV SUNIL KOTHARI |
| Date of Birth | : | 5th April 1995 |
| Place of Birth | : | Pune |
| Time of Birth | : | 4:10 A.M. |
| Height | : | 6 ft 2 Inches |
| Weight | : | 65 kg |
| Native Place | : | Halvad (Surendranagar) |
| Caste | : | Zalawadi Visha Shrimali Sthankwasi Jain |
| Education | : | B.E. Mechanical-Pune University |
| Occupation | : | Family Business-Sunbeam Infratech, Pune Engineering & Development resource at family business of prefabricated buildings manufacturing at Pune |
| Expectation: | : | Preferably Jain food |
| Siblings | : | None |
| <u>PATERNAL FAMILY DETAILS</u> | : | |
| Grand Father | : | Late Shri Vijaylal Tokarshi Kothari (Halvad) |
| Grand Mother | : | Late Smt Chandrakalaben V. Kokthari |
| Father | : | Sunil V. Kothari, (M: 9371783001) |
| Occupation | : | Family Business |
| Mother | : | Hina S. Kothari, (M: 8600038881) |
| Occupation | : | Home Maker |
| Kaka-Kaki | : | Mansiben -Hasmukhbhai Kothari (Bapuji), (M:9822052795) |
| | : | Sheetalben-Late Girishbhai Kothari (Kaka) |
| | : | Jankiben-Rajeshbhai Kothari (Kaka) |
| | : | rajeshvkothari@gmail.com |
| Faiba | : | Sarojben |
| Residential Address | : | 550-A,Sindh Co.-Op. Housing Society, |
| | : | ITI Road, Aundh, Pune-7 |
| <u>MATERNAL FAMILY DETAILS</u> | : | |
| Grand Father | : | Late Hasmukhbhai Tribhovandas Sanghvi (Dhrangadhra) |
| Grand Mother | : | Late Urmilaben H. Sanghvi |
| Mama-Mami | : | Akshita-Jitendra Sanghvi (Ahemdabad), (M: 9825082952) |
| Masi-Masa | : | Mona N. Shah |

Advt.



# જ્યૉર્જ વૉશિંગ્ટન કાર્વર

મૂદુલા મહેતા

‘‘**એ**ય ટાબરા, ઊઠ! ચાલ જલદી કર!’’

બહાર તો હજી અંધારાં પથરાયાં હતાં. કડકડતી ટાઢમાં વહેલી સવારે એક ગોરો ખેડુ એક હબસી છોકરાને ઢંઢોળી રહ્યો હતો.

‘‘અલ્યા ઊભો થાય છે કે દઉં એક થોબડામાં! ચાલ ઊઠ!’’

ટૂંટિયું વળીને પડેલો નાનકડો છોકરો ચડપ કરતો બેઠો થઈ ગયો. પાતળા દોરડી જેવા હાથ-પગ, દૂબળું ફિક્કું મુખ અને માંડ માંડ દેખાય તેવી નાની-શી કાયા! ફેબ્રુઆરી માસની આકરી ટાઢ અને ખેડૂતનાં એથીયે વધારે આકરાં વેણ સાંભળીને બિચારો બાળ ધ્રૂજતો ઊભો રહ્યો. આખાયે બેડોળ અંગમાં તેની બે ચમકતી તેજસ્વી આંખો ધ્યાન ખેંચે તેવી હતી. જોકે તે બહુ બોલી શકતો નહિ, પણ તેની ચપલ ચકોર આંખો બધે ફરી વળતી.

તે છ-સાત વર્ષનો થયો હતો. મરઘાં-બતકાંનું ધ્યાન રાખવું, ગાય દોહવી, બગીચામાં નીંદામણ કરવું એવું તો છ-સાત વર્ષનો ઢાંઢો કરી જ શકે ને! ગઈ કાલે તેણે કલાકો સુધી બગીચામાં કામ કર્યું હતું. તેની કમ્મર ભાંગી પડતી હતી. આંખોમાં ઊંઘ અને થાક ભર્યાં હતાં. પરાણે પરાણે તે નીચે આવ્યો. રસોડામાં સુઝનની હેતાળ નજર ભાળતાં જ તેની આંખો વાત્સલ્યથી ચમકી ઊઠી.

‘‘ના, ના હજી તે ઘણો નાનો છે. કાલનો તે ખૂબ થાકી ગયો છે. આજે મારે તેનું ઘરે કામ છે. તે ખેતરે નહિ આવે.’’ સુઝન પોતાના પતિને કહી રહી હતી.

‘‘ત્યારે મને કામમાં કોણ મદદ કરશે?’’ ખેડૂત ગુસ્સામાં બરાડી ઊઠ્યો, ‘‘આ બધો મોલ સડી જશે તેનું શું?... મરજે પછી ભૂખે!’’

‘‘દેવાવાળો બેઠો છે. બિચારા છોકરાને સુખે રહેવા દો. કાલ સવારે કમાતો-ધમાતો થઈ જશે.’’ સુઝનના શબ્દે શબ્દે કરુણા ટપકતી હતી. છોકરો એકીટશે તેના તરફ જોઈ રહ્યો હતો. જાણે તેની વાણીમાંથી અમીના ઘૂંટડા પી રહ્યો હતો.

‘‘બહુ થયું’’, ખેડૂત ભભૂકી ઊઠ્યો, ‘‘કેવો રૂપાળો ઘોડો હતો. બદલામાં આ આવ્યું ને?’’ કહેતાં તેણે બાળક તરફ એક વેધક દૃષ્ટિ નાખી અને બારણું ધડાક કરતું પછાડતો એ બહાર નીકળી ગયો.

સુઝને બાળક પાસે આવી તેને છાતી સરસું ચાંપ્યું. બાળકની આંખમાં આંસુ ઊભરાતાં હતાં. માથે હાથ ફેરવતાં તે બોલી, ‘‘એ તો બોલે એટલું જ! ભકભકિયો સ્વભાવ પડ્યો. ચાલ, આપણે જલદી ચૂલો પેટાવીએ. એક વાર રોટલા પેટમાં પડશે એટલે બધું ઠીક થઈ જશે.’’

દૂર દૂર ક્ષિતિજ પરની ટેકરીઓ પર ઉષાની આછી છાંટ ઊઘડી રહી હતી. ખેડુ કાર્વર બહાર નીકળીને મોટા કોઠાર તરફ વળ્યો. તેનાથી નિઃશ્વાસ નંખાઈ ગયો. એક દિવસ ધાનથી ભરેલો કોઠાર આજે કેવો ખાલીખમ પડ્યો હતો! એક દિવસ માઈલો સુધી પથરાયેલાં તેનાં હરિયાળાં ખેતરો જોઈને આંખ ઠરતી. ફળથી લચી પડતી ઘટાદાર વાડીને લીધે નજીકમાં નજીક રહેતા ખેડૂતનું ઘર પણ દેખાતું નહીં. પણ આજે તો ધરતી જાણે ખાવા થાય છે. ને પેલો છોકરો પણ શું કામમાં આવવાનો હતો?

અમેરિકાના પ્રજાજીવનમાં એક ભારે મોટો ઝંઝાવાત ઊભો થયો હતો. ગુલામીનાબૂદીનો પવન ફૂંકાયો હતો. કેટલાંક રાજ્યો કોઈ પણ ભોગે સમાજનું આ કલંક ધોવા માગતાં હતાં. જ્યારે કેટલાંક રાજ્યોને ગુલામીનાબૂદી પરવડે તેમ નહોતું. ગુલામીનાબૂદી કરવા ઈચ્છતા અને ગુલામી જાળવી રાખવા ઈચ્છતા પ્રાંતો વચ્ચે ભારે રસાકસી અને ખેંચતાણ ઊભાં થયાં. રાજ્યો વચ્ચેના આ વિગ્રહમાં સૌથી વધારે સાઠમારી મીસુરી રાજ્યના ભાગ્યમાં આવી હતી. ત્યાંની પ્રાંતીય સરકારે જાહેર કરેલું:

‘‘શહેરને ધજાપતાકાથી શણગારો. દરેક વ્યક્તિને માલૂમ થાઓ કે આજે ઈ.સ. ૧૮૬૫ના જાન્યુઆરી માસના ૧૧મા દિવસે મીસુરી પ્રાંતમાં સદાને માટે ગુલામી નાબૂદ થાય છે. હવે પછી ઈશ્વર સિવાય કોઈ માલિક નથી, કોઈ ગુલામ નથી. આતશબાજી ફોડો, રોશની કરો. માનવજંજીરો તૂટી છે. અંધારપછેડો ચિરાયો છે, પ્રકાશનાં કિરણો ફેલાયાં છે. સ્વાતંત્ર્યની ચેતના પ્રગટી છે. પ્રભુનાં

શ્યામલ સંતાનો માટેનું સુવર્ણ પ્રભાત ખીલ્યું છે.''

જાહેરાત રોમાંચક હતી. પ્રભુના એ શ્યામલ સંતાનો સુધી પહોંચી - ન-પહોંચી તે પહેલાં તો રાજ્યો રાજ્યો વચ્ચેના વિગ્રહે એવું સ્વરૂપ પકડ્યું હતું કે આ પ્રદેશમાં આવેલા ખંતીલા જર્મન ખેડૂતો ભારે મુશ્કેલીમાં મૂકાઈ ગયા. તેમને ગુલામીપ્રથા ગમતી જ ન હતી. તેમન ખેતીમાં મદદની જરૂર પડતી એટલે ગુલામો ખરીદવા પડતા, પણ જર્મનીમાં પડેલી ટેવ મુજબ તેની સાથે સાથીના જેવો જ વર્તાવ રાખતા.

કાર્વરને પણ ખેતર પર કામની ખેંચ પડવા લાગી. મજૂરો મળતા નહીં અને પરાણે પકડી લાવેલા ગુલામોના વ્યાપરના સગભાગી થવાનું તેને ગમતું નહીં. પણ શું કરે ?

તે વખતે કાર્વરની પત્ની સુઝન નોકરડી મેરીને ખરીદી લાવેલી. અત્યંત શરમાળ અને નમ્ર મેરી ઘરકામમાં ઉપયોગી થતી. તેનો પતિ થોડા માઈલો પર એક મોટા જમીનદારને ત્યાં ગુલામ હતો. ઘણી વાર મહિનાઓ સુધી તે તેની પત્નીને મળવા આવી શકતો નહિ. તેના મૃત્યુના સમાચાર પણ ઘણા મોડા મળ્યા હતા. કોઈકે કહ્યું હતું કે કંઈક લાકડું માથે પડતાં તેનું મૃત્યુ થયું હતું.

તે પછી મેરી જાણે મૂંગી થઈ ગઈ હતી. તેની વાણી, તેનું હાસ્ય સુકાઈ ગયાં હતાં. ક્વચિત્ પોતાના નાના બાળક જ્યૉર્જને ઊંઘાડતાં તેનું એકાદ હાલરડું સંભળાતું.

મેરી અને તેનાં બાળકો રહેતાં તે ભાંગી પડેલી ઝૂંપડી તરફ કાર્વરની નજર પડી. તેનો ગુસ્સો ઓસરી ગયો. તેની પત્નીની વાત તેને સાચી લાગી. તે બિચારા માંદલા બાળક પાસેથી કામની શી આશા રાખવી !

પાંચ વર્ષ પરનો ભૂતકાળ તેની નજર સામે તરવા લાગ્યો. કેવી ભયંકર ઠંડી હતી તે રાતે ! ચાબખા વીંઝાતા હોય તેવા પવનના સુસવાટા વચ્ચે પોતે દોડીને ઘરભેગો થયો હતો. ગામમાં સમાચાર જાણવા મળ્યા હતા: ''ગુલામોને સાચવજો - લૂંટારાઓ સરહદ વટાવીને આ પ્રદેશમાં આવી પહોંચ્યા છે.'' પગ દોડતા હતા તે કરતાં વધારે વેગથી તેનું મન કામ કરી રહ્યું હતું. આજુબાજુ દરેક ઘરનાં બારણાં ટપોટપ બંધ થઈ રહ્યાં હતાં.

ગુલામીનાબૂદી અંગેના આંતર-વિગ્રહના તે દિવસો હતા. અમેરિકા આખું ખળભળી ઊઠ્યું હતું. યુદ્ધના છેલ્લા દિવસો હતા છતાં કેટલાક પ્રાંતોમાં હજી ગુલામોની બહુ જ સારી કિંમત ઊપજતી. બીજી ચોરીઓ કરતાં ગુલામોની ચોરીમાં ઘણો નફો રહેતો.

પોતે ઘરે પહોંચ્યો એટલે તરત જ ઘોડાને તબેલામાં મૂકી બરાબર તાળપં વાસ્યું. લૂંટારુઓનું ભલું પૂછો ! હાથ આવ્યું તે ગમે તે લેતા જાય !

દૂરથી મેરીના હાલરડાનો ધીમો સૂર કાને પડતો હતો. ઘરમાં પગ મૂકતાં તેણે સુઝનનો ચિંતાતુર ચહેરો જોયો. સમાચાર અહીં પહોંચી ગયા હતા. બંનેએ સાંભળેલી વાતો એકબીજાને કહી.

''આપણે મેરી અને તેનાં બાળકોને અહીં ઘરમાં લઈ લઈએ તો કેમ ?'' છેવટે સુઝને કહ્યું.

''પેલાઓ તો મરદોની શોધમાં છે, સ્ત્રીઓને કોઈ નહીં કનડે !'' કહેતાં કહેતાં પોતે પથારીમાં લંબાવ્યું. આખા દિવસના થાકે તેની આંખોને ઘેરી લીધી.

પરંતુ તેની ગણતરી ખોટી પડી. મધરાતને સુમારે વાતાવરણને ભેદી નાખતી એક કારમી ચીસ સંભળાઈ. તેણે ઓળખ્યો તો મેરીનો જ અવાજ હતો. કાર્વરે એકદમ બંદૂક ઉપાડી અને છલાંગ મારતો બહાર નીકળી ગયો. કાળી ઘોર અંધારી રાતમાં તેને પોતાને હાથ પણ દેખાતો ન હતો. માત્ર દૂર દૂર સરી જતા ઘોડાના દાબડા અને કોઈની ગૂંગળાતી દબાતી ચીસોના પડઘા તેના કાન પર અથડાયા. તે મેરીની ઝૂંપડી તરફ દોડ્યો. તેને પગે કાંઈક અથડાયું. મેરીની નાની છોકરી ઝૂંપડી બહાર અર્ધબેભાન દશામાં પડી હતી. તેના માથામાંથી લોહીની ધારા વહેતી હતી. તેનો ભાઈ ખૂણામાં ધ્રૂજતો ઊભો હતો. ઝૂપડી નિર્જન હતી. મા અને સૌથી નાના બાળકનો પત્તો ન હતો.

ગામમાં મદદ મેળવવા તે પહોંચે તે પહેલાં ઘણો સમય વીતી ગયો હતો. ગામમાં તેને ઘણા સમદુખિયા મળ્યા. લૂંટારાઓની પાછળ પડવું જોઈએ તેમ સૌને લાગ્યું હતું.

''મારા ઘોડા પર કોઈ તેમની પાછળ પડે તો જરૂર આંબી શકાય. કોઈ જાય તો હું મારો ઘોડો આપું.'' કાર્વરે સૂચન મૂક્યું. બધાએ તે વધાવી લીધું અને જનારા પમ મળી આવ્યા.

તેમણે પૂછ્યું, ''તમે પૈસા લાવ્યા છો ?''

''હં... તમારે પૈસાની જરૂર પડશે. હા. પણ એમ કરોને. તે લૂંટારાને બદલામાં ઘોડો આપી દેડો. પણ જુઓ, ના છૂટકે જ ઘોડો આપજો. અહીં પાછા આવે તો સાથે લાવજો, એટલે હું તેમને પૈસા ચૂકવી દઈશ. ન જ માને તો પછી ઘોડો આપીને મેરીને તો છોડાવી જ લાવજો.''

દિવસો પસાર થઈ ગયા. કંઈ સમાચાર ન હતા. પખવાડિયા પછી પેલા આવ્યા. ''તેમણે તો અમને ભારે ઠગ્યા. વાંકોચૂંકો એવો માર્ગ પકડ્યો હતો કે ભલભલા ગોથાં ખાય. માંડ હાથ આવ્યા. છેવટે ઘોડાના બદલામાં મા-દીકરાને મુક્ત કરવાનું કબૂલ્યું. કહેવડાવ્યું : ઘોડાને ઝાડે બાંધીને

તમે દૂર ચાલ્યા જાઓ. અમે ઘોડાને તપાસશું અને જ્યારે અમારું રણશીંગું સંભળાય ત્યારે આવીને મા-દીકરાને લઈ જજો ! વિશ્વાસ તો નહોતો બેસતો પણ તે સિવાય છૂટકો ન હતો. છેવટે રણશીંગું સંભળાયું. પણ ઘણે દૂરથી... અમે એકદમ દોડ્યા. ઝાડ નીચ પાણીથી તરબોળ ધ્રૂજતા બાળકનું આ પોટકું ભાળ્યું. ઘોડો લઈને તેઓ પલાયન થઈ ગયા હતા.'' આવનારે એકસામટી બધી વાત કરી નાખી.

વાત સાંભળતાં જ સુઝનની આંખમાંથી દડદડ આંસુ સરી પડ્યાં. તેણે બાળકને લઈ લીધું. તેનું ટાઢુંબોળ શરીર પહેલાં તો નિશ્ચેતન લાગ્યું. સુઝન ધ્રૂજી ગઈ. થોડા દિવસ પહેલાં જ અનેક સારવાર છતાં મેરીની દીકરી હાથતાળી દઈને ચાલી નીકળી હતી. ઊંડે ઊંડે પણ આ બાળકમાં પ્રાણ ટકી રહ્યો છે તેમ વર્તાયું અને સુઝનની વત્સલતાએ ઉપચારો કરવામાં કંઈ બાકી ન રાખ્યું. દિવસો સુધી એ ટચૂકડો છોકરો ઉધરસમાં બેવડો વળી જતો. જાણે શ્વાસ જતો જ રહેશે. વખત જતાં જરાક ચેતન આવ્યું. તોપણ તેનો વિકાસ એટલો મંદ હતો કે તે લાંબું જીવશે તેમ લાગતું ન હતું.

સૌ કહેતાં કે મહેનત નિરર્થક જશે. પણ સુઝન હિંમત હારવા તૈયાર ન હતી. ''મેરીનું બાળક જીવવું જ જોઈએ. તે જીવશે જ.'' મક્કમ સ્વરે તે કહેતી.

ધીમે ધીમે બાળકમાં જીવન આવ્યું. ઊઠતાં-બેસતાં અને ડગલીઓ ભરતાં તે શીખી ગયો. આમ ધીમે ધીમે તે મોટો થવા લાગ્યો, પણ તે બોલી શકતો નહીં. પેલી જીવલેણ ઉધરસમાં જાણે તેનો કંઠ ગૂગળાઈ ગયો હતો. ગમે તેવા પ્રયત્ન છતાં તે એક શબ્દ પણ ઉચ્ચારી શકતો નહીં. ક્યારેક ગોટા વાળતો, પણ તેની તે ભાષા કોઈ ઉકેલી શકતું નહીં.

પરંતુ વાણીમાં જે વ્યક્ત ન થતું તે તેની ચમકતી આંખોમાં બહુ સ્પષ્ટ રીતે વ્યક્ત થતું. સુઝને કહ્યું, ''મારા જીવનમાં ક્યારેય મેં આવી તેજસ્વી આંખો જોઈ નથી.''

''એ તેજસ્વિતાની શી કિંમત છે જ્યારે તે આવા દુર્બળ અને કંગાળ શરીર સાથે બંધાયેલી છે ?'' કાર્વરે જવાબ આપ્યો.

''ભગવાનને ખબર !'' સુઝને કહ્યું, ''પણ તેણે આ બાળકને આપણે ભરોસે મૂક્યું છે.''

''મને વિશ્વાસ છે કે હું મારી ફરજ અદા કરીશ.'' કાર્વરે ગંભીરભાવે કહ્યું.

''અને હું પણ.'' સુઝનનો અવાજ રણકી ઊઠ્યો.

મેરી વિષે ફરી કાંઈ સાંભળવા મળ્યું નહીં. એટલે છેવટે પેલા કીમતી ઘોડાના બદલાનાં આ મૂંગો અપંગ બાળક તેમને માથે પડ્યો હતો.....

આ બધાં જૂનાં સ્મરણોમાં ડૂબેલા કાર્વરે નિરાશામાં ડોકું ધુણાવ્યું. ત્યાં કોઈકે તેનું પહેરણ ખેંચ્યું. તેણે પાછળ વળી જોયું. પેલો નાનો છોકરો ધીમું ધીમું હસતો ઊભો હતો.

કાર્વરથી હસ્યા વગર ન રહેવાયુ. ''વાહ, નાસ્તો તૈયાર છે, એમ ને ! ચાલ, હું પણ તૈયાર છું.'' તેણે પ્રેમથી બાળકનો કાળો ટચૂકડો હાથ પોતાના હાથમાં લીધો અને ખુશમિજાજે એ ઘર તરફ વળ્યો. આ જોઈને સૂઝને સંતોષનો દમ લીધો. તે બોલી : ''એ બોલે એટલું જ. મનમાં કાંઈ નહિ.''

❖❖❖

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા–મુંબઈ

સંચાલિત

### શ્રી નંદલાલ તારાચંદ વોરા જૈન ઉપાશ્રય
### શ્રીમતી મંગળાબેન જશવંતલાલ શાહ જૈન ભુવન
### શ્રીમતી કમળાબેન ગંભીરચંદ શાહ – અતિથિ ભવન – નાલાસોપારા

પર્યુષણ દરમ્યાન આયંબીલની ઓળી ૨૦૨૫ માટે નીચે મુજબના નામો આવેલ હતા.

(૧) ઘેલીબેન લક્ષ્મીચંદ ગોપાણી (૨) રમીલાબેન મહેન્દ્રભાઈ શાહ (૩) ગીતાબેન મુકેશભાઈ પારેખ.

નાલાસોપારા ઉપાશ્રયમાં સાધર્મિક માનવ સેવા માટે બરવાળા (ઘેલાશા) નિવાસી (હાલ પવઈ) શ્રી સતીશભાઈ દોશી તરફથી માનવસેવા પ્રભાવના આપણા ઉપાશ્રયમાં જરૂરીયાતમંદ સભ્યો ને કરવામાં આવેલ જેમાં સારી સંખ્યામાં સભ્યો ને આ પ્રભાવનાનો લાભ પ્રાપ્ત થયેલ હતો. સભા ની કાર્યવાહક કમિટી ના સભ્યો શ્રીમતી દિપ્તીબેન શાહ, શ્રી મહેશભાઈ દોશી, શ્રી સુબોધભાઈ શાહ સ્થાનિક પ્રતિનિધિઓ શ્રી અનિલભાઈ જસવાણી, શ્રી કલ્પેશભાઈ શેઠ અને બકુબેન શાહ હાજર રહ્યાં હતા. અલ્પાહારની વ્યવસ્થા હતી.

દર રવિવારે પાઠશાળામાં આવતા બાળકો ને ચાર મહિનાથી શ્રી જયસુખભાઈ શાહ અને શ્રી જીતુભાઈ શાહ તરફથી નાસ્તો કરાવવામાં આવે છે.

દરેક સભ્યોને પોતાના બાળકોને પાઠશાળા મોકલવા વિનંતી.

સંપર્ક :

દિપ્તીબેન શાહ - ૯૩૨૩૬૩૧૦૪૭

નરેન્દ્રભાઈ ગાંધી- ૯૮૨૦૦૭૬૪૬૦

**મુદ્રણ દોષ**

મે ૨૦૨૫ માસિક પત્રિકા પાના નં. ૩ પર શ્રીમતી ભારતીબેન વ્રજલાલ શેઠ ભુલથી છપાયેલુ છે. તેને બદલે **શ્રીમતી ભારતીબેન કીરીટભાઈ શેઠ** વાંચવું. ક્ષતિ બદલ ક્ષમાયાચના

## શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈન સભા -મુંબઈ
## ઝાલાવાડી સભા ચેરિટેબલ ફાઉન્ડેશન

301, Bay View (East), 3rd Floor, 47, Dr. M.B. Velkar Street, (Kolbhat Lane) Chira Bazar, Mumbai - 400 002.

Office Time : 11.00 A.M. To 7.00 PM • Lunch Time : 1.00 To 2.00 PM

**Office Mobile No. 7208472884**

**સ્નેહાળ સભ્ય મિત્રો,**

ઝાલાવાડી સભા આપ સર્વેની કુશળતા ઈચ્છે છે. સભ્યોની તંદુરસ્તી બની રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

ઝાલાવાડી સભાના દરેક સભ્યોને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે આપણી મુંબઈ ઓફિસ રાબેતા મુજબ ચાલુ થઈ ગયેલ છે. સભાના ચારેય સેનિટોરિયમનું બુકિંગ ઓનલાઈન કરવાનું રહેશે.

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**
**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમાં કરાવવાની રહેશે**

**Zalawadi Sabha Charitable Foundation**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100055214 - IFSC Code: BKID0000024**
**અનુદાન/ ડોનેશનના રૂપિયા ચેરિટેબલ ફાઉન્ડેશનમાં મોકલવા જેથી કરરાહતનો લાભ મળી શકે.**

**જે પણ રકમ દાનની ઓનલાઈન મોકલો તેની Transaction ID /Receipt મિલનભાઈને મોકલવા વિનંતી.**

| | | | |
|---|---|---|---|
| પંચગીની<br>માથેરાન / દેવલાલી<br>Online Query / New Member Patrika /Loan<br>શ્રી નિરવભાઈ શાહ<br>**9819012468** | સંસ્થાના મેનેજર<br>શ્રી પ્રદીપભાઈ તુરખિયા<br>સંપર્ક<br>**9867748120** | મેડિકલ સહાય<br>પત્રિકા જાહેરખબર<br>લોનાવલા<br>મિલનભાઈ<br>**9860125136** | સુરેન્દ્રનગર અતિથિ ભવન<br>સુરેન્દ્રનગર - કેતનભાઈ શાહ<br>**9099350644 / 9426756100**<br>મુંબઈ - શ્રી મિલનભાઈ તુરખિયા<br>**9860125136** |

**સેનિટોરિયમનું બુકિંગ ઑનલાઈન zalawadi.com ઉપર જ કરવાનું રહેશે એની નોંધ લેવા વિનંતી.**

**જુલાઈ ૨૦૨૫ ના અંક માટે Bio-Data તેમજ ધંધાદારી જાહેરખબર Colour તથા B/W નું બુકીંગ ઓફીસમાં તા. ૨૬-૦૬-૨૦૨૫ પહેલા શ્રી મિલનભાઈ તુરખિયાના M. 9860125136 ફોન કરવો.**

**Email : zalawadisabha@gmail.com**

**જુલાઈ ૨૦૨૫ ના અંક માટે કુલ ૮ કલર પેઈજ બુક થયેલ છે.**

**Shree Zalawadi Sthanakwasi Jain Sabha - Mumbai**
**Bank of India - Kalbadevi Branch - A/c. 002410100027896 - IFSC Code: BKID0000024**

**પત્રિકા માટે જાહેરાતની રકમ ઉપર આપેલ એકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે**

**રવિવારે તકલીફ ન આપવી. સમય : સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૦૦ સુધી**

**તા.ક. Bio-Data માટે ફક્ત એક જ ફોટો મોકલાવવો. ફક્ત એક જ ફોટો છાપવામાં આવશે.**

**Advertisement Soft Copy દ્વારા સ્વીકારવામાં આવશે.**

